RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 267 Dt. 23-04-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી જંગ શરૂ

## પ્રથમ તબક્કામાં ૧૫૨ મતવિસ્તારોમાં મતદાન, ૩.૬ કરોડ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ



નવી દિલ્હી, તા.૨૨

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રથમ તબક્કો આજે ૨૩ એપ્રિલે છે. તીવ્ર પ્રચાર, કલ્યાણકારી વચનો, ઓળખની રાજનીતિ અને ભારે સુરક્ષા તૈનાત સાથે એક ઉચ્ચ-દાવની સ્પર્ધામાં ફેરવાઈ ગયો છે. આ લડાઈ ફક્ત બેઠકો માટે નથી પરંતુ સ્પર્ધાત્મક વાર્તાઓ માટે છે. મતદારો મમતા બેનર્જીના કલ્યાણ મોડેલને સમર્થન આપે કે શાસન સુધારણા, સમાન નાગરિક સંહિતા (UCC), ઘૂસણખોરી વિરોધી પગલાં અને રોજગાર સર્જન પર કેન્દ્રિત ભાજપની આગેવાની હેઠળના ''પરિવર્તન'' ને પસંદ કરે છે. પહેલા તબક્કા માટે પ્રચાર ૨૧ એપ્રિલે સમાપ્ત થયો. ભારતના ચૂંટણી પંચના ડેટા અનુસાર, આ તબક્કામાં ૧૫૨ મતવિસ્તારો મતદાન કરશે, જેમાં ઉત્તર બંગાળના કેટલાક ભાગો અને દક્ષિણના કેટલાક જિલ્લાઓનો સમાવેશ થાય છે, જેમાં લગભગ ૩.૬ કરોડ મતદારો છે. આ સ્પર્ધા ખાવાની આદતો, સરહદ પારથી થતી ઘૂસણખોરી, યુસીસી અને મતદાર યાદીઓ વિશેની ચર્ચાઓ દ્વારા વધુ તીવ્ર બની છે.

બંને છાવણીઓએ ચૂંટણીને બંગાળના ભવિષ્ય માટે નિર્ણાયક પસંદગી તરીકે રજૂ કરી છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના ભાજપના નેતાઓએ ભ્રષ્ટાચાર, રાજકીય હિંસા અને ઘૂસણખોરી પર શાસક પક્ષ પર નિશાન સાધ્યું છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) એ તેના કલ્યાણકારી રેકોર્ડનો બચાવ કર્યો અને ભાજપ પર ડર ફેલાવવાનો અને મતદાર યાદીઓમાં છેડછાડ કરવાનો આરોપ લગાવ્યો છે.

ભાજપનું અભિયાન શાસન પરિવર્તન, સરહદ સુરક્ષા અને વિસ્તૃત કલ્યાણકારી વચનો પર કેન્દ્રિત છે. અમિત શાહે કહ્યું કે બેનર્જીનો ''સુકાન સંભાળવાનો સમય સમાપ્ત થઈ ગયો છે'' અને જણાવ્યું હતું કે મુક્ત મતદાન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય દળો ''દરેક ખૂણે'' તૈનાત કરવામાં આવ્યા છે. પાર્ટીએ મહિલાઓ માટે માસિક રૂ. ૩,૦૦૦ સહાય, છ મહિનાની અંદર યુસીસીનો અમલ, રાજ્ય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું (ડીએ) બાકી, ૭મા પગાર પંચના લાભો, આયુષ્માન ભારતનો અમલ અને રાજકીય હિંસાની તપાસનું વચન આપ્યું છે.

TMC એ ભાજપની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવીને તેનો જવાબ આપ્યો છે. અભિષેક બેનર્જીએ ભાજપ પર ''ખોટા વચનો''નો ઇતિહાસ હોવાનો આરોપ લગાવ્યો, જેમાં બેંક ખાતામાં ૧૫ લાખ રૂપિયા અને વાર્ષિક બે કરોડ નોકરીઓ જેવા અધૂરા વચનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મમતા બેનર્જીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઝખઈ સત્તામાં પાછી આવશે અને તમામ બેઠકો પર ઈઉંડ્ના ઉમેદવાર હોવાના મોદીના દાવા પર પણ નિશાન સાધતા કહ્યું હતું કે તે થવા માટે તેમને વડા પ્રધાનપદેથી રાજીનામું આપવું પડશે.

મુખ્ય ધ્યાન નંદીગ્રામ પર કેન્દ્રિત છે, જ્યાં સુવેન્દુ અધિકારી TMC ના પ્રવિત્રકર સામે છે. પાછલી ચૂંટણીમાં હાઇ-પ્રોફાઇલ બેનર્જી-અધિકારી વચ્ચેની લડાઈ પછી આ બેઠક પ્રતીકાત્મક રીતે મહત્વપૂર્ણ રહી છે. અન્ય મતવિસ્તારોમાં સિલિગુડી, દાર્જિલિંગ, કૂચ બિહાર, જલપાઇગુડી, રાયગંજ, ઇસ્લામપુર, બાલુરઘાટ, ઇંગ્લિશ બજાર, જાંગીપુર અને મેખલીગંજનો સમાવેશ થાય છે. બે દાયકાથી વધુ સમય પછી અધીર રંજન ચૌધરી વિધાનસભાના રાજકારણમાં પાછા ફર્યા હોવાથી બહેરામપુર નોંધપાત્ર છે.

ખડગપુરસદર એક અન્ય મુખ્ય યુદ્ધભૂમિ છે, જ્યાં દિલીપ ઘોષ મેદાનમાં છે, જે તેને ભાજપ માટે પ્રતિષ્ઠાનો મુકાબલો છે. મુર્શિદાબાદમાં, સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરનો વિવાદ પણ છે. ૨૧ એપ્રિલના રોજ સાંજે ૬ વાગ્યે મૌન અવધિ શરૂ થઈ હતી, જે દરમિયાન પ્રચાર પર પ્રતિબંધ છે. ઉલ્લંઘન અટકાવવા માટે અધિકારીઓ ઉચ્ચ સતર્ક રહે છે, જ્યારે મતદારો બાહ્ય પ્રભાવ વિના તેમની પસંદગી કરે તેવી અપેક્ષા છે. ચૂંટણી પંચે મતદાન મથકો નજીક પ્રતિબંધિત આદેશોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુરક્ષા વ્યવસ્થા કડક છે. કેન્દ્રીય દળોની લગભગ ૨,૪૫૦ કંપનીઓ - લગભગ ૨.૫ લાખ કર્મચારીઓ - તૈનાત કરવામાં આવી છે, અને ૮,૦૦૦ થી વધુ મતદાન મથકોને અત્યંત સંવેદનશીલ તરીકે ઓળખવામાં આવ્યા છે. બે-પગલાની મતદાર ચકાસણી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે, જેમાં CAPF કર્મચારીઓ પ્રવેશ બિંદુઓ પર ઓળખ દસ્તાવેજોની તપાસ કરે છે અને બૂથ-સ્તરના અધિકારીઓ (BLO) મતદારોની વિગતોની ચકાસણી કરે છે. BNSS ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધક આદેશો મતદાન મથકોની ૧૦૦-મીટર ત્રિજ્યામાં અમલમાં છે.

ભાજપ ચૂંટણીને ભ્રષ્ટાચાર, ઘૂસણખોરી અને પરિવર્તન પર લોકમતમાં ફેરવવા માંગે છે, જ્યારે TMC તેના કલ્યાણકારી વિતરણ અને પાયાના નેટવર્ક પર આધાર રાખે છે. મતદારોની ભાવના વેતન, રોજગાર અને માળખાગત સુવિધાઓ જેવી રોજિંદા ચિંતાઓ પર પણ આધારિત રહેશે.

# વિમાનોના ઈંધણમાં હવે ઈથેનોલ : કેન્દ્રની મંજુરી

### આગામી સમયમાં હવાઈ મુસાફરી સસ્તી પણ થઈ શકે : સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલને પ્રોત્સાહન

નવી દિલ્હી, તા.૧૨

સરકારે એવિએશન સેક્ટરમાં મોંઘા કાચા ઇંધણની આયાત પર નિર્ભરતા ઓછી કરવા અને પ્રદૂષણ ઘટાડવા માટે મોટું પગલું ભર્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ(ATF)માં ઈથેનોલ બ્લેન્ડિંગની મંજૂરી આપી દીધી છે. આ સંબંધમાં મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને ATF માર્કેટિંગ નિયમોમાં સુધારો કર્યો છે. આ નિર્ણયથી હવાઈ મુસાફરીને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે. સાથે જ દેશની વિદેશી ઇંધણ પરની નિર્ભરતા પણ ઘટશે. જેથી આગામી સમયમાં હવાઈ મુસાફરી સસ્તી પણ થઈ શકે.

નવા નિયમો મુજબ, એવિએશન ટર્બાઇન ફ્યુઅલની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ATFમાં હાઇડ્રોકાર્બન સાથે સિન્થેટિક કમ્પોનન્ટ્સ જેવા કે ઈથેનોલને પણ ભેળવી શકાશે.મહત્ત્વનું છે કે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના નોટિફિકેશન દ્વારા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ(ATF)ના નિયમોમાં ફેરફાર કર્યો છે. જેની વિગતો હવે બહાર આવી છે. મંત્રાલયે 'એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (રેગ્યુલેશન ઓફ માર્કેટિંગ) ઓર્ડર, ૨૦૦૧'માં સુધારો કરીને ATFની વ્યાખ્યા અને તેના નિયમનની રીતને અપડેટ કરી છે. પેટ્રોલિયમ મંત્રાલયે એવિએશન ટર્બાઇન ફ્યુઅલમાં સિન્થેસાઇઝ્ડ હાઇડ્રોકાર્બન (જે શેરડી, વેસ્ટ ઓઇલ, કૃષિ અવશેષો અથવા સિન્થેટિક ફ્યુઅલ જેવા બાયો-ફીડમાંથી બને છે)ને ભેળવવાની મંજૂરી આપી દીધી છે.

સુધારેલા નિયમો હેઠળ હવે એવિએશન ટર્બાઇન ફ્યુઅલને 'હાઇડ્રોકાર્બનનું એક જટિલ મિશ્રણ, જે IS 1571 ધોરણને અનુરૂપ હોય અથવા IS 17081 માં નિર્દિષ્ટ સિન્થેસાઇઝ્ડ હાઇડ્રોકાર્બન સાથે બ્લેન્ડ કરવામાં આવ્યું હોય' તે રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. સરકારનું આ પગલું સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF)ને પ્રોત્સાહન આપવાની દિશામાં માનવામાં આવી રહ્યું છે. SAFને પરંપરાગત વિમાન ઇંધણનો સ્વચ્છ વિકલ્પ માનવામાં આવે છે. તે વર્તમાન વિમાન પ્રણાલીઓમાં મોટા ફેરફારો કર્યા વિના




ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરી શકે છે.

આ નિર્ણય ભારતની આયાતી અશ્મિભૂત ઇંધણ (Fossil Fuel) પરની નિર્ભરતા ઘટાડવાની વ્યૂહરચના સાથે પણ જોડાયેલો છે. દેશ તેની કુલ તેલની જરૂરિયાતના લગભગ ૮૭ ટકા આયાત દ્વારા પૂરી કરે છે. જો કે સરકારે આ નિયમને લઈને તાત્કાલિક કોઈ પણ પ્રકારનું લક્ષ્ય નિર્ધારિત કર્યું નથી, સાથે જ આ અધિસૂચનામાં કોઈ સમય સીમા પણ રાખવામાં આવી નથી. SAFને યોગ્ય ઢંગ મુજબ લાગુ કરવામાં આવશે તો હાલ મધ્ય પૂર્વ યુદ્ધને કારણે હવાઈ સફરની વધેલી કિંમતો પર નિયંત્રણ આવી શકે છે જેથી હવાઈ મુસાફરી પણ સસ્તી થઈ શકે છે.

# આતંકીઓના નાપાક મનસૂબા ક્યારેય સફળ નહીં થાય : મોદી

### પહલગામ હુમલાની વરસી પર વડાપ્રધાન મોદીએ હતભાગીઓને અર્પી શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે પહલગામ આતંકી હુમલામાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર લખ્યું કે, ગત વર્ષે પહલગામમાં થયેલા ભયાનક આતંકી હુમલાના પીડિતોને દેશ ક્યારેય ભૂલશે નહીં. પીએમ મોદીએ કહ્યું કે, એક રાષ્ટ્ર તરીકે આપણે દુઃખ અને સંકલ્પની આ ઘડીમાં એકજૂથ છીએ. ભારત આતંકવાદના કોઈ પણ સ્વરૂપ સામે ક્યારેય ઝૂકશે નહીં.





સ્થળઃ પહલગામની મનોરમ્ય બાઈસરન વેલી. સહેલાણીઓ જ્યારે પ્રકૃતિનો આનંદ માણી રહ્યા હતા, ત્યારે આતંકવાદીઓએ અચાનક અંધાધુંધ ગોળીબાર શરૂ કર્યો. આતંકીઓએ નામ અને ધર્મ પૂછીને, મહિલાઓ અને બાળકોની નજર સામે જ નિર્દોષ લોકોને ગોળીઓથી વીંધી નાખ્યા હતા. આ કાયરતાપૂર્ણ હુમલામાં કુલ ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હુમલા બાદ ભારતની સેનાએ આક્રમક વલણ અપનાવીને આતંકીઓને પાઠ ભણાવ્યો હતો. ભારતીય સેનાએ સરહદ પાર પાકિસ્તાનમાં છુપાયેલા આતંકીઓના ૯ ઠેકાણાઓને તબાહ કર્યા, જેમાં ૧૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા. આ કાર્યવાહીને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું.

૨૮ જુલાઈ ૨૦૨૫ના રોજ સેનાએ સૌથી મોટી સફળતા મેળવી. આ સ્પેશિયલ ઓપરેશન હેઠળ પહલગામ હુમલા માટે જવાબદાર મુખ્ય આતંકીઓને શોધીને ઠાર કરવામાં આવ્યા હતા.

### ૧ મેથી 'ઓનલાઇન ગેમિંગ ઑથોરિટી ઑફ ઇન્ડિયા' થશે લાગુ

# ઓનલાઇન ગેમિંગ પર સરકાર કસશે સકંજો



નવી દિલ્હી, તા.૨૨

ભારત સરકાર આગામી ૧ મેથી 'ઓનલાઇન ગેમિંગ ઑથોરિટી ઑફ ઇન્ડિયા'(OGAI)ની સ્થાપના કરવા જઈ રહી છે. આ ઑથોરિટી દેશમાં ઝડપથી વિકસી રહેલા ઓનલાઇન ગેમિંગ સેક્ટર પર નજર રાખશે અને તેના માટે કાયદાકીય માળખું તૈયાર કરશે. લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ અને સ્ટેકહોલ્ડર્સ સાથેની બેઠકો બાદ હવે આ ક્ષેત્રને શિસ્તબદ્ધ કરવા માટે એક સ્વતંત્ર બોડી કાર્યરત થશે. આ નવી ઑથોરિટીનું મુખ્ય કામ ગેમિંગ પ્લેટફોર્મ્સનું રજિસ્ટ્રેશન કરવાનું અને તેઓ નિયમોનું પાલન કરે છે કે નહીં તે જોવાનું રહેશે. ખાસ કરીને 'ગેમ ઑફ સ્કિલ' (કૌશલ્યની રમત) અને 'ગેમ ઑફ ચાન્સ' (નસીબની રમત) વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવામાં આવશે.

આ ઉપરાંત, પ્લેટફોર્મ્સ પર યુઝર્સની સુરક્ષા, જવાબદાર ગેમિંગ અને નાણાકીય લેવડદેવડમાં પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવશે. જે કંપનીઓ નિયમોનું ઉલ્લંઘન કરશે, તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની સત્તા પણ આ ઑથોરિટી પાસે રહેશે.

આ નિર્ણયથી ઓનલાઇન ગેમિંગ ઉદ્યોગમાં કાયદેસરતા આવશે, જેનાથી રોકાણકારોનો વિશ્વાસ વધશે. યુઝર્સ માટે આ એક સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે, જ્યાં છેતરપિંડી કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ લગાવી શકાશે.

જોકે, ગેમિંગ કંપનીઓએ હવે કડક કેવાયસી (KYC) પ્રક્રિયા અને ટેક્સના નિયમોનું પાલન કરવું અનિવાર્ય બનશે. આ પગલું ભારતીય ગેમિંગ ઈકોસિસ્ટમને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વનું માનવામાં આવે છે.

# PMના રાષ્ટ્રજોગ સંબોધનનો મામલો સુપ્રીમમાં

નવી દિલ્હી, તા.૨૨

લોકસભામાં ૧૭ એપ્રિલે મહિલા અનામત સંશોધન બિલ 'નાપાસ' થયું હતું, ત્યારપછી ૧૮ એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં આ બિલનો ઉલ્લેખ કરીને વિરોધ પક્ષે સારા પ્રયાસની ભ્રૂણહત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. હવે આ મામેલ કોંગ્રેસના નેતા અને પૂર્વ સાંસદ ટી.એન.પ્રતાપને રાષ્ટ્રસંબોધન વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમણે સંબોધનને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કોંગ્રેસ નેતાની અરજીમાં કહેવાયું છે કે, વડાપ્રધાને ૧૮ એપ્રિલની રાત્રે લગભગ ૮.૩૦ કલાકે દૂરદર્શન અને સંસદ ટીવી પર રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. મહિલા અનામત સંશોધન બિલને લગતા રાજકીય ઘટનાક્રમો ઉભા થયા બાદ આ સંબોધન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને સંબોધનમાં



**કોંગ્રેસ નેતાએ પિટિશન દાખલ કરી, આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું**

કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ (TMC), દ્રવિડ મુન્નેત્ર કડગમ (DMK) અને સમાજવાદી પાર્ટી સહિત અનેક વિપક્ષી દળોની ટીકા કરી હતી. આ ઉપરાંત તેમણે વિપક્ષોને મહિલા અનામત વિરોધ ગણાવી મતદારોને જવાબ આપવાની અપીલ કરી હતી.

અરજદાર ટી.એન.પ્રતાપને આક્ષેપ કર્યો છે કે, વડાપ્રધાને ચૂંટણી સમયગાળા દરમિયાન વિપક્ષી દળોની ટીકા કરાવ માટે સરકારી નિયંત્રણવાળા દૂરદર્શન અને સંસદ ટીવીનો ઉપયોગ કર્યો છે, જે આદર્શ આચાર સંહિતાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તેમણે ચૂંટણી દરમિયાન પક્ષપાતી રાજકીય સંદેશ આપવા માટે સત્તાવાર સરકારી મશીનરી પ્લેટફોર્મનો દુરુપયોગ કર્યો છે. આ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૩(૭) હેઠળ ભ્રષ્ટ આચરણ ગણી શકાય છે. ભારતીય ચૂંટણી પંચ (ECI)ને ઔપચારિક ફરીયાદ આપવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, આનાથી અનુચ્છેદ ૩૨૪ હેઠળની પંચની એ બંધારણીય જવાબદારીનો ત્યાગ થયો છે, જે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપે છે.

વડાપ્રધાને લગભગ ૩૦ મિનિટ રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું, જેમાં તેમણે બિલ પાસ ન થવા પાછળ વિપક્ષને જવાબદાર ઠેરવ્યા હતા. એટલું જ નહીં વિપક્ષોએ મહિલાઓના બિલ વિરુદ્ધ થઈને ભ્રૂણહત્યા કરી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે ભાષણના અંતે વિપક્ષોને જવાબદાર ઠેરવવાની મતદારોને અપીલ કરી હતી. અરજદારે તર્ક આપ્યો છે કે, રાષ્ટ્રજોગ સંબોધનના કારણે અસામાન્ય ચૂંટણી માહોલ ઉભો થયો, કારણ કે આનાથી સત્તાધારી પક્ષને સરકારી મીડિયા દ્વારા વિપક્ષની ટીકા કરવાની તક મળી, જ્યારે અન્ય ઉમેદવારો MCCના કડક નિયમોથી બંધાયેલા રહ્યા. ઉલ્લેખનીય છે કે, ૧૮ એપ્રિલે લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) સુધારા બિલ પર ચર્ચા કરવામાં આવી હતી, તેમાં લોકસભાની બેઠકો ૫૪૩થી વધારીને ૮૫૦ કરવાનો અને મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો પ્રસ્તાવ હતો.

સરકારે ૨૦૧૧ની વસ્તીગણતરીના આધારે બેઠકો વધારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિપક્ષે અત્યારના જે ચૂંટણી મતક્ષેત્રો છે તેમાં કોઈ ફેરફાર કે પુનઃગઠન કર્યા વગર જ અનામત લાગુ કરવાની માંગ કરી હતી. ત્યારપછી મતદાન દરમિયાન બિલના સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા, જ્યારે બિલને પાસ કરાવવા માટે ૩૫૨ મતની જરૂર હતી. આ કારણે બિલ પાસ થઈ શક્યું ન હતું.

# સિંહ-દીપડા-વાઘ-ચિત્તા હવે એકસાથે ગુજરાતમાં !

## ચિતા માટે કચ્છના બન્ની તથા દિપડા - વાઘ માટે અરવલ્લીથી ડાંગ સુધી કોરિડોરના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ તૈયાર



ગાંધીનગર, તા.૧૨

એશિયાઇ સિંહોનો વસવાટ ધરાવતા એક માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દિપડા ઉપરાંત વાઘ અને ચિત્તાના રહેઠાણ માટેના ચક્રો ગતિમાન થયા જ છે. દિપડા, વાઘ અને ચિત્તા માટે ખાસ કોરિડોર સ્થાપવા માટે વન વિભાગ દ્વારા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. વાઘ અને દિપડા માટે ઉત્તર ગુજરાતના અરવલ્લીથી માંડીને દક્ષિણ ગુજરાતના ડાંગ સુધી કોરિડોર સ્થપાશે જ્યારે ચિત્તા માટેનો કોરિડોર કચ્છના બન્નીમાં ઉભો થશે.

સૌરાષ્ટ્રના ગીર અભ્યારણમાં એશિયાઇ સિંહોનો વસવાટ છે જ હવે ચિત્તા અને વાઘના આગમન સાથે તમામ મોટા સૈન્ય જીવો ગુજરાતમાં જોવા મળશે. રાજ્યમાં દિપડાની નોંધપાત્ર વસતી છે.રાજયના વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણ માળીએ કહ્યું કે સિંહની સાથોસાથ વાઘ, ચિત્તા અને દિપડાનું પણ ગુજરાત ઘર બને તેવો દૂરંદેશીભર્યો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. વન્ય પ્રાણીઓના કુદરતી રહેઠાણ માટે વિસ્તારો નકકી કરવામાં આવ્યા છે. વિશ્વના સૌથી મોટા ચાર પ્રાણીના રહેઠાણ ધરાવતા ગુજરાતની આગવી અરજી ઓળખ હશે. વૈજ્ઞાનિક સંવર્ણન મોડલથી જ વિસ્તાર તૈયાર કરવામાં આવી રહ્યા છે.

વન વિભાગ દ્વારા સરકાર સમક્ષ કોરિડોરનું પ્રેઝન્ટેશન કરાયું હતું. વાઘ અને દિપડાના કોરિડોર અરવલ્લીથી મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ અને વલસાડ જીલ્લા સુધી વિસ્તરશે. આ કોરિડોરમાં ૪૫૦૦૦ જેટલા હરણ તથા ૩૦૦૦ જેટલા સાબર પણ રાખવામાં આવશે. કચ્છમાં ચિતાના કોરિડોરમાં ૨૮૬૭૫ કાળીયાર તથા ચિંકારાને રાખવામાં આવશે.

કચ્છના બન્નીમાં ચિતા માટેના બ્રિડીંગ સેન્ટરનું નિર્માણ અંતિમ તબકકામાં છે. બન્નીમાં ચિતાની છ જોડી મેળવવા ખાસ ટીમ આફ્રિકા જશે. ચિતાના આગમન બાદ ચાર મોટા વન્યપ્રાણી-સિંહ, વાઘ, ચિતા અને દિપડા ધરાવતું ગુજરાત એક માત્ર રાજ્ય બનશે.

વનવિભાગના સૂત્રોએ કહ્યું કે ૧૪ મહિનાથી વાઘનો વસવાટ છે જ છોટા ઉદેપુર તથા દાહોદમાં દેખાય છે કોઇ માદા વાઘ નથી. આવતા મહિનાઓમાં માદા વાઘને લવાશે. આવતા પાંચ વર્ષમાં વાઘની વસતી ૧૦ સુધી પહોંચાડવાનો ટારગેટ છે. જ્યારે કચ્છના બન્નીમાં ૫૦ ચિતાને વસાવવાની યોજના છે. ૬૬૦૬ હેક્ટરનો વિસ્તાર તૈયાર કરાયો છે. ભવિષ્યમાં તેમને છુટ્ટા પણ મુકવામાં આવશે.



### GCASની ખામીઓ સુધારવા તંત્ર સજ્જ : શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશનું આયોજન : એડમિશન પોર્ટલની ખામીઓ દૂર કરાશે

# ધો.૧૨ના પરિણામ પહેલા પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર, તા.૨૨

સામાન્ય રીતે ધોરણ ૧૨ની પરીક્ષાનું પરિણામ આવે ત્યારબાદ વિદ્યાર્થીઓ કોલેજમાં એડમિશન માટે તૈયારી કરતા હોય છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથીGCAS પોર્ટલથી પ્રવેશ પ્રક્રિયાને લઇ વિદ્યાર્થીઓ પરેશાન હતા. જેને ધ્યાને રાખી ઉચ્ચ શિક્ષણ વિભાગ GCASની ક્ષતિઓ દૂર કરવા જાગ્યું છે. આ વખતે ધોરણ ૧૨ના પરિણામ પૂર્વે જ સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. આ વખતે ૩ રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન છે. જે સમાન્ય રીતે ગયા વર્ષે ૩૩ રાઉન્ડ એડમિશન પ્રક્રિયા લંબાવી પડી હતી.

રાજ્યમાં સરકારી યુનિવર્સિટીમાં અને તેની સંલગ્ન કોલેજોમાં એક જ પ્લેટફોર્મ પરથી એટલે કે GCAS પોર્ટલ પરથી જ પ્રવેશ પ્રક્રિયા થતી હોય છે પરંતુ GCAS ની ખામીઓ જગ જાહેર છે તેના કારણે વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યાના પણ દાખલા છે. તેવામાં આ વખતેGCAS પ્રવેશ પ્રક્રિયાને લઇ મહત્વના સમાચાર સામે આવ્યા છે.ꠠઈઅજ માં રહેતી ક્ષતિઓ દૂર કરવા ઉચ્ચ શિક્ષણ વિભાગ જાગ્યું છે. જે મામલે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટીમાં અને કોલેજોમાં પ્રવેશ માટે પડતી મુશ્કેલીઓ દૂર કરવા બેઠકમાં છણાવટ કરવામાં આવી.

સાથે જ આ વખતે ધોરણ ૧૨ના પરિણામ પૂર્વે જ સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. આ વખતે ત્રણ રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાનું આયોજન છે. ગત વખતે ૩૦ રાઉન્ડ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલી હતી. આ વખતે જે વિદ્યાર્થીને પ્રવેશ મળે તેણ પ્રવેશ મળ્યાનું કન્ફર્મેશન આપવું પડશે.

છેલ્લા બે વર્ષથી પ્રવેશ કાર્યમાં થઈ રહેલા વિલંબ ને અટકાવવાનો પ્રયાસ આ પ્રવેશ પ્રક્રિયામાં કરાશે. મહત્વનું છે કે, GCASના પોર્ટલ પરથી એક જગ્યાએથી કોલેજોમાં પ્રવેશ ફળવાતા સમયે અનેક ભૂલો સામે આવતી હતી. હાલમાં જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદએ ગત વર્ષે ૧ લાખ લોકો પ્રવેશથી વંચિત રહી ગયાનો આક્ષેપ કર્યો હતો. જેથી આ વખતે અઇટક એ પણ અત્યારથી જ વિરોધ કરવાનું શરૂ કર્યું હતુ.

### આચાર સંહિતાના આજે નહિ યોજાય આ સરકારી કાર્યક્રમ

# રાજ્ય-જીલ્લા સ્વાગત કાર્યક્રમ ૩૦મીએ

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની આદર્શ આચાર સંહિતાને અનુલક્ષીને રાજ્ય અને જિલ્લા કક્ષાનો તારીખ ૨૩ એપ્રિલના રોજ યોજાનારો સ્વાગત કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામા આવતા આ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ ૨૦૨૬ નો રાજ્ય અને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ પાંચમા ગુરુવાર એટલે કે તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ યોજવામાં આવશે.એટલું જ નહિ, તે દિવસે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી લોકોની રજૂઆતો સ્વીકારવામાં આવશે.

સૌ સંબંધિતોને મુખ્યમંત્રીના જનસંપર્ક એકમના ખાસ ફરજ પરના અધિકારી દ્વારા સ્વાગત કાર્યક્રમના આયોજનના આ ફેરફારની નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# પ્રથમ ગ્રીન મિથેનોલ પ્લાન્ટ સ્થાપવાની તૈયારી

## પર્યાવરણ માટે અભિશાપ બનેલો ગાંડો બાવળ ગ્રીન એનર્જીમાં ફેરવાશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતની ફળદ્રુપ જમીન અને નિવસનતંત્ર માટે વર્ષોથી માથાના દુઃખાવા સમાન બનેલો આક્રમક 'ગાંડો બાવળ' (પ્રોસોપિસ જુલીફ્લોરા) હવે દેશની ગ્રીન એનર્જી ક્રાંતિનો મુખ્ય આધાર બનવા જઈ રહ્યો છે. ભારત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ, દીનદયાલ પોર્ટ ઓથોરિટી (કંડલા બંદર) ખાતે દેશનો પ્રથમ ગ્રીન મેથેનોલ પ્લાન્ટ સ્થાપવાની દિશામાં મક્કમ ડગ માંડવામાં આવ્યા છે.

લાંબા સમયથી રણપ્રદેશ કચ્છ અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં જમીનની ફળદ્રુપતા ઘટાડવા અને સ્થાનિક વનસ્પતિઓને નુકસાન પહોંચાડવા માટે બદનામ આ કાંટાળું વૃક્ષ હવે ક્લીન ફ્યુઅલ (સ્વચ્છ બળતણ) તરીકે પુનર્જન્મ લેશે. આ પ્રકલ્પના માધ્યમથી ગાંડા બાવળનો ઉપયોગ બાયોમાસ તરીકે કરીને તેમાંથી ગ્રીન મિથેનોલનું ઉત્પાદન કરવામાં આવશે. આ પગલું માત્ર પર્યાવરણીય પ્રદૂષણ ઘટાડવામાં જ નહીં, પરંતુ વેરાન જમીનને આક્રમક વનસ્પતિથી મુક્ત કરવામાં પણ મદદરૂપ થશે. હાલમાં ભારતની વાર્ષિક મેથેનોલની માંગ આશરે ૨.૮ મિલિયન ટન જેટલી છે, જે ઉત્તરોત્તર વધી રહી છે.

કંડલા ખાતેનો આ પ્રકલ્પ ભારતને માત્ર ગ્રીન મિથેનોલના વપરાશકર્તા તરીકે જ નહીં, પરંતુ ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરશે. દીનદયાલ પોર્ટ ટ્રસ્ટ (કંડલા) ખાતે સ્થાપનારા આ પ્લાન્ટનો મુખ્ય ધ્યેય પ્રદૂષણ રહિત ઇંધણનું ઉત્પાદન કરી આયાત નિર્ભરતામાં ઘટાડો કરવાનો છે. ૨૦૨૬ના અંતમાં અથવા ૨૦૨૭ની શરૂઆતમાં કાર્યરત થવાની શક્યતા ધરાવતો આ પ્રોજેક્ટ ભારતની સ્વચ્છ બળતણ તરફની સંક્રમણ પ્રક્રિયા એટલે કે, ક્લીન ફ્યુઅલ ટ્રાન્સીશનમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. નિષ્ણાતોના મતે, કંડલા પોર્ટની ભૌગોલિક સ્થિતિ અને કાચા માલ તરીકે ગાંડા બાવળની પુષ્કળ ઉપલબ્ધતાને કારણે આ પ્રોજેક્ટ આર્થિક અને પર્યાવરણીય એમ બંને દૃષ્ટિએ અત્યંત મહત્વનો સાબિત થશે.

# ક્રિકેટ ટીમ પસંદગીને વિવાદનું ગ્રહણ ?

## ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટીને નોટિસ પાઠવી

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટે રાષ્ટ્રીય અંડર-૧૭ પુરુષ ક્રિકેટ ટીમની પસંદગી પ્રક્રિયાને પડકારતી અરજીના સંદર્ભમાં ગુજરાત રાજ્ય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતને નોટિસ પાઠવી છે. આ કાનૂની પડકાર મહેસાણાના સગીર વિદ્યાર્થી-ખેલાડી દ્વારા તેના પિતા મારફતે કરવામાં આવ્યો છે.

અરજદાર, જે બેટિંગ, બોલિંગ અને વિકેટ-કીપિંગમાં નિપુણ ઓલરાઉન્ડર છે, તેણે આક્ષેપ કર્યો છે કે અમદાવાદમાં પ્રી-નેશનલ કેમ્પ દરમિયાન હાથ ધરવામાં આવેલી પસંદગી પ્રક્રિયા મનસ્વી અને પારદર્શિતાના અભાવવાળી હતી.

પિટિશન મુજબ, જોકે ૬૨ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા અને નિકોલ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના મેદાન પર પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ કોઈ સત્તાવાર ઓન-ફિલ્ડ કૌશલ્ય પરીક્ષણ, ફિટનેસ મૂલ્યાંકન અથવા તુલનાત્મક આકારણી કરવામાં આવી ન હતી.

અરજદારનો દાવો છે કે ચાર દિવસની પ્રેક્ટિસ પછી, તેની પસંદગી ન થવા અંગેની કોઈ પણ સત્તાવાર જાણકારી આપ્યા વિના તેને કેમ્પ છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું.

પિટિશનમાં વધુમાં જણાવાયું છે કે જ્યારે આ બાબતે પૂછપરછ કરવામાં આવી ત્યારે પ્રતિવાદી સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે પસંદગીની વિગતો આંતરિક છે અને તે શેર કરી શકાય નહીં. પસંદગીના માપદંડો, સ્કોર શીટ્સ અને મૂલ્યાંકનની વિગતો જાહેર ન કરવાને અરજદાર દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને બંધારણની કલમ ૧૪ હેઠળ મળેલા નિષ્પક્ષતાના આદેશનું



ઉલ્લંઘન ગણાવ્યું છે.

અરજદારના પિતા દ્વારા ૧૫ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ફરીથી મૂલ્યાંકન કરવાની વિનંતી સાથે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ સત્તાવાળાઓએ કથિત રીતે તેલંગાણામાં રાષ્ટ્રીય કેમ્પ માટે ૧૬-સભ્યોની અંતિમ ટીમ પસંદ કરવાની પ્રક્રિયા આગળ ધપાવી હતી.

રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાની તક કાયમ માટે ગુમાવી દેવાના ડરથી, અરજદારે વર્તમાન પસંદગીને રદ કરવા અને નવેસરથી ગુણવત્તા આધારિત ટ્રાયલની માંગ સાથે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. કોર્ટે હવે આ આક્ષેપો અંગે જવાબદાર સત્તાવાળાઓ પાસે જવાબ માંગ્યો છે.

# ગુજરાતમાં બનશે બે નવા શિપ ક્લસ્ટર

## પોરબંદરનું કુછડી અને કચ્છનું છછી શિપબિલ્ડિંગના નવા કેન્દ્રો બનશે; બ્લુ ઈકોનોમીને મળશે વેગ



ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકાર, આ મહિને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પછી નવી શિપબિલ્ડિંગ અને રિપેર નીતિ જાહેર કરે તેવી અપેક્ષા છે, તેણે કચ્છના છછી અને પોરબંદર જિલ્લાના કુછડીમાં બે નવા શિપબિલ્ડિંગ ક્લસ્ટરનો પ્રસ્તાવ મૂક્યો છે. રાજ્યએ ૨૦૪૭ સુધીમાં તેની શિપબિલ્ડિંગ ક્ષમતાને ૩ મિલિયન GT (ગ્રોસ ટનેજ) સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

રાજ્ય સરકારે છેલ્લા ૧૬ વર્ષમાં નવી શિપબિલ્ડિંગ નીતિની જાહેરાત કરી નથી - છેલ્લી ૨૦૧૦ માં હતી - છેલ્લા બે દાયકામાં જાહેર કરાયેલા શિપબિલ્ડિંગ પ્રોજેક્ટ્સ પણ સાકાર થવામાં નિષ્ફળ ગયા છે. રાજ્યએ શિપબિલ્ડિંગ ક્લસ્ટરના વિકાસ માટે બે સ્થાનો ઓળખી કાઢ્યા છે, એક કચ્છના છછીમાં અને બીજું કુછડી, પોરબંદરમાં. સરકાર ગ્રીનફિલ્ડ શિપયાર્ડ વિકસાવવા માટે ત્રણ નવા સ્થાનો ઓળખવાની પ્રક્રિયામાં પણ છે.

છછી શિપબિલ્ડિંગ ક્લસ્ટર ૯૯૦ હેક્ટર વિસ્તારને આવરી લેવાનો પ્રસ્તાવ છે, જેમાં ૬.૭૫ કિલોમીટર લાંબો વોટરફ્રન્ટ છે. પોરબંદર જિલ્લાના દરિયાકાંઠે પ્રસ્તાવિત કુછડી શિપબિલ્ડિંગ ક્લસ્ટર ૮૭૦ હેક્ટર વિસ્તારને આવરી લેશે અને વોટરફ્રન્ટ ૭.૦૬ કિલોમીટર સુધી લંબાશે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, સરકાર દ્વારા અગાઉ કરવામાં આવેલી શિપબિલ્ડિંગ ક્લસ્ટર જાહેરાતો પર બહુ ઓછી પ્રગતિ થઈ છે. ૨૦૦૬ અને ૨૦૦૯ વચ્ચે, ગુજરાત સરકારે લગભગ છ સ્થળો ઓળખી કાઢ્યા હતા, જ્યાં શિપબિલ્ડિંગ ક્લસ્ટરો વિકસાવવામાં આવી શકે છે. આમાં દહેજ, ઘોઘા, ભાવનગર, પીપાવાવ, વેરાવળ અને માંડવીનો સમાવેશ થાય છે. તાજેતરમાં, સરકારે ચાર નવા શિપયાર્ડ અને કચ્છ જિલ્લામાં કંડલા નજીક એક નવું શિપબિલ્ડિંગ ક્લસ્ટર સાથે શિપબિલ્ડિંગ ક્ષમતા વધારવાની પણ યોજના બનાવી હતી.

દક્ષિણ ગુજરાતમાં કાર્યરત ભારતનું અગાઉનું સૌથી મોટું ખાનગી શિપયાર્ડ, અઈઞ્ઞ શિપયાર્ડ, શિપબિલ્ડિંગની માંગમાં ઘટાડો સહિતના વિવિધ કારણોસર ૨૦૧૯ ની આસપાસ કામગીરી બંધ કરી દીધી હતી. રાજ્ય સંચાલિત શિપબિલ્ડિંગ કંપની, આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, એ પણ ૨૦૧૩ માં વધતા નુકસાન અને પ્રોજેક્ટ વિલંબને કારણે તેની કામગીરી બંધ કરી દીધી હતી.

નીતિના મુસદ્દામાં સામેલ ઞ્ઞખઇ અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર ખાનગી ખેલાડીઓ દ્વારા શિપબિલ્ડિંગમાં રોકાણ કરવા અંગે આશાવાદી છે કારણ કે વિશ્વના સૌથી મોટા શિપ સપ્લાયર્સ - ચીન, જાપાન અને કોરિયા - ના યાર્ડ્સ સંતૃપ્ત છે અને આગામી ૧૦ વર્ષ સુધી વધુ ઓર્ડર લેવા માટે અસમર્થ છે. વધુમાં, ૨૦૧૦ ની નીતિમાં કોઈ નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવ્યું ન હતું. જો કે, અમે હજુ સુધી શિપયાર્ડ માટે જરૂરી સામાન્ય માળખાગત સુવિધા વિકસાવવાનો નિર્ણય લીધો નથી, ઉપરાંત અન્ય નાણાકીય પ્રોત્સાહનો પણ છે. અમે પ્લગ-એન્ડ-પ્લે મોડેલ રાખવા માંગીએ છીએ, એક વરિષ્ઠ અધિકારીએ ઝઘઈ ને જણાવ્યું. હાલમાં, ગુજરાતમાં પીપાવાવ (સ્વાન ગ્રુપ), ભાવનગર (મોડેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર) અને કાલોદરા, ભરૂચ (શોફ્ટ) માં ત્રણ કાર્યરત શિપબિલ્ડિંગ સુવિધાઓ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે દરિયાઈ ક્ષેત્ર માટે લગભગ ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના ભંડોળમાંથી, કેન્દ્ર સરકારે વિદેશી જહાજો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે શિપબિલ્ડિંગને પ્રોત્સાહન આપવા માટે ૨૮,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અગાઉ, સરકારે દહેજ, ઘોઘા, ભાવનગર, પીપાવાવ, વેરાવળ અને માંડવીમાં શિપબિલ્ડિંગ ક્લસ્ટર માટે યોજનાઓ બનાવી હતી. પરંતુ આ યોજનાઓને ખૂબ મહત્વાકાંક્ષી ગણાવવામાં આવી હતી. દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ (DP$T), કંડલાએ પણ ૨૦૨૪ માં બિડને નબળો પ્રતિસાદ મળ્યા બાદ તેના મેગા શિપબિલ્ડિંગ ક્લસ્ટર કોન્સેપ્ટને ઘટાડવો પડ્યો હતો, જેમાં ફક્ત એક કંપનીએ રસ દર્શાવ્યો હતો.

# AAPનો અધિકાર પત્ર : જનતાને અધિકાર આપવા તૈયાર

## નવ મુદ્દા સાથે આમ આદમી પાર્ટીએ જાહેર કર્યો મેનિફેસ્ટો : રમતગમત ક્ષેત્રને આપવામાં આવ્યું પ્રાધાન્ય

રાજકોટ, તા. ૨૨

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઇ ગઈકાલે આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા 'આપ'નું અધિકાર પત્ર જાહેર કરવામાં આવ્યું છે. અગમ ચૂંટણીમાં રાજકોટ મહાનગર પાલિકામાં જો આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો અધિકાર સાથે રાજકોટને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સાથેનું સર્વશ્રેષ્ઠ શહેર બનાવવા જાહેરાત કરી છે જેમાં શિક્ષણ, આરોગ્ય, ટ્રાન્સ્પોટેશન, અને રમતગમત ક્ષેત્ર સહીત અલગ અલગ ૯ મુદાઓને આવરી લઇ આ અધિકાર પત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના મંત્રી અજિત લોખીલે જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઇ આજ રોજ આમ આદમી પાર્ટી દ્વારા અધિકાર પત્ર જાહેર કરવામાં આવ્યો છે. મનપામાં અમારૂ શાસન આવશે તો અમે જનતાને તેમના અધિકારો માટેનું શાસન પૂરું પાડીશું. આ માટે મુખ્ય ૯ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે, જેમાં શિક્ષણ, આરોગ્ય, ટ્રાન્સ્પોટેશન, અને રમતગમત ક્ષેત્ર સહિતના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.





### શું છે અધિકાર પત્રના મુખ્ય મુદ્દાઓ

**અધિકાર નં. ૧ શિક્ષણ :**

" પ્રત્યેક વોર્ડમાં વસ્તી પ્રમાણે અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉભી કરીશું. રાજકોટમાં જે શાળાઓ જર્જરીત છે તેનું નવિનીકરણ કરીશું. રાજકોટમાં સારામાં સારી સરકારી કોલેજો ઉભી થાય એ માટેના ઈમાનદાર પ્રયત્નો કરીશું. પ્રત્યેક વોર્ડમાં E-Books સાથેના જાહેર વાંચનાલયો ઉભા કરીશું જેમાં પુસ્તકો, સામયિકો, કોમ્પ્યુટર વગેરે તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય.

**અધિકાર નં. ૨ આરોગ્ય**

" રાજકોટ મહાનગરપાલિકાની હદમાં વસવાટ કરતા તમામ પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનું વીમા કવર આપીશું, જે અંતર્ગત કોઈ પણ પ્રકારની વધારાની શરતો વગર કોઈ પણ પ્રાઈવેટ હોસ્પિટલમાં તમામ બીમારીઓની સારવાર કરવામાં આવશે. ડ્રગ્સ લેવા માટે હોટસ્પોટ બનેલા ડાર્ક ઝોનને લાઈટ અને CCTV કેમેરાથી સજ્જ કરીશું અને ડ્રગ્સને સંપૂર્ણપણે નાબુદ કરવા માટેના તમામે તમામ પ્રયત્નો કરીશું.

**અધિકાર નં. ૩ વેરાઓ**

" ઘર વેરો અડધો કરીશું, પાણી વેરો માફ કરીશું. તમામ પ્રકારના વેરાઓની નવેસરથી સમીક્ષા કરીશું. પાણીના સમયમાં હાલના સમય કરતાં વધારો કરીશું અને પુરા ફોર્સથી પાણી આપીશું.

**અધિકાર નં. ૪ પાર્કિંગ અને જાહેર પરિવડન**

" રાજકોટ શહેરમાં રોડ રસ્તા અને ફુટપાથની ગુણવતામાં સુધારો કરીને ટ્રાફીકની મહાકાય સમસ્યાનું નિરાકરણ કરીશુ. મહિલાઓ, વિધાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનો માટે સીટી બસમાં મફત મુસાફરીની વ્યવસ્થા કરીશું. વધુમાં વધુ જાહેર પાર્કિંગ ઉભા કરીશું અને બ્રીજ નીચે બનેલા પાર્કિંગમાં વાહન મુકવાનો કોઈ ચાર્જ વસુલ કરીશું નહીં.

**અધિકાર નં. ૫ પર્યાવરણ**

" શહેરના ઘણા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે તો આ વિસ્તારોમાં પાણીના નિકાલ અને જળ સંચયની યોગ્ય વ્યવસ્થા ઉભી કરીશું.

વૃક્ષોની સંખ્યા બમણી કરીશું. કચરાને રીસાયકલીંમાં આધુનિક ટેકનોલોજી દ્વારા ખાતર તથા ગેસમાં રૂપાંતર કરીને આર.એમ.સી.ની આવકમાં વધારો કરીશુ.

**અધિકાર નં. ૬ સંસ્કૃતિ અને રમતગમત**

શહેરીકરણને કારણે ઉભા થયેલા માનસિક તણાવ/થાક દૂર કરી ફરી બીજા દિવસ માટે મન પ્રફુલ્લિત થાય તેવી પ્રવૃત્તિયઓ જેવી કે બાગબગીચા, હળવી કસરતો, લાફીંગ કલબ, વોકર્સ કલબ, સંગીતને પ્રોત્સાહન આપીશું. યુવતીઓ માટે દરેક ઝોનમાં અલગ મહિલા સ્પોર્ટ્સ સંકુલો ઉભા કરીશું. રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ એકેડેમી ઉભી થાય એ માટેના પ્રયત્નો કરીશું.

**અધિકાર નં. ૭ જનસુવિધાઓ**

" નગરરાજ બીલ લાગુ કરીને રાજકોટનું બજેટ રાજકોટના નાગરિકોની જરૂરીયાત મુજબ રાજકોટની શેરીઓમાં બનાવીશું. પ્રત્યેક વોર્ડમાં એક-એક વોર્ડ ઓફીસ ઉભી કરીને સુવિધાઓનું વિકેન્દ્રીકરણ કરીશું જેથી કરીને લોકોને નજીકમાં જ તેમજ ઝડપથી સરકારી સુવિધાઓ ઉપલબ્ધ થઇ શકે. વોર્ડ ઓફીસ પર નક્કી કરેલા સમયે કોર્પોરેટરો હાજર રહીને લોકોની સમસ્યાઓને સાંભળશે. મહાનગરપાલિકાનો વહીવટ પક્ષની ઓફિસેથી નહી પણ વોર્ડની ઓફિસેથી થશે.

રાજકોટના ઘરવિહોણા લોકોની સંખ્યાનું મૂલ્યાંકન કરીને ખરેખર જરૂરીયાતમંદ લોકોને પરવડે એ ભાવે આવાસમાં ઘર ઉપલબ્ધ કરાવીશું.

**અધિકાર નં. ૮ ભ્રષ્ટ્રાચાર મુક્તિ અને પારદર્શિતા**

" ટેન્ડર અને ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા લાવીશું. ફેસબુક અને યુટ્યુબના માધ્યમથી સામાન્ય સભાનું લાઇવ ટેલીકાસ્ટ કરીશું

# સૌ. યુનિનું ચાલુ વર્ષનું અંદાજપત્ર ૨૩૫ કરોડ

## માત્ર અંદાજપત્ર પુરતું જ સીમિત ન રહે તેવી શિક્ષણવીદોની માંગ




રાજકોટ, તા. ૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વખાણ કરીએ તેટલા ઓછા કારણ કે આ એ સંસ્થા છે કે જ્યાં એક નહીં અનેકવિધ પ્રશ્નો ઊભા થયેલા છે. એક નહીં અનેકવિધ ફરિયાદો ઉઠતી રહી છે. ત્યારે યુનિવર્સિટી દ્વારા સર્વપ્રથમ યોગ્ય વ્યવસ્થા ઉભી કરી વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે કોઈ પણ પ્રકારના ચેડા ન થાય તે પ્રકારની કામગીરી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. પરંતુ મહત્વની વાત તો એ છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું શૈક્ષણિક સ્તર સતત ગગડી રહ્યું છે. ત્યારે ગઈકાલે વર્ષ ૨૦૨૬ તથા ૨૭ માટે ૨૩૫ કરોડના અંદાજપત્રને મંજૂર કરવામાં આવ્યું છે. શિક્ષણવિદોના જણાવ્યા અનુસાર ખરેખર આ રકમનો સદુપયોગ થાય તે ખૂબ જરૂરી છે. અગાઉ આવા અનેક અંદાજપત્રો પ્રસિદ્ધ કરવામાં આવ્યા અને તેનો યોગ્ય અમલ પણ કરવામાં આવ્યો નથી.

સૌરાષ્ટ્ર યુનિ.ના વર્ષ ૨૦૨૬-૨૭ના રૂા.૨૩૫ કરોડના અંદાજપત્રને બહાલી આપી દેવામાં આવી છે. ચૂંટણી આચાર સંહિતા પૂર્વ યુનિ.ની ફાયનાન્સ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મળેલી બેઠકમાં આ અંદાજપત્ર મંજૂર કરવામાં આવેલ હતું. સૌરાષ્ટ્ર યુનિ.એ ૬૦મા વર્ષમાં પ્રવેશ કરેલ હોય, ડાયમંડ જ્યુબેલી વર્ષમાં સંશોધનાત્મક પ્રોજેક્ટને વેગ મળે અને વેલ્ફેર એક્ટીવીટીને વેગ મળે તે માટે રુ.બે કરોડની રકમની અલગથી જોગવાઇ કરવામાં આવી છે.આ ઉપરાંત વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે મોડલ ક્લાસરૂમ અને સ્પોર્ટસ એક્ટીવીટી માટે રૂા.૬.૨૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત યુજીસીના નેશનલ સેમિનારમાં ભાગ લેવા બહારગામ જતાં વિદ્યાર્થી સંશોધકો માટે રેલવેના થ્રી ટાયર એસીનું ફેર આપવાની પણ અલગથી જોગવાઇ કરવામાં આવી છે. સ્પોર્ટસની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે પણ ખાસ રકમ ફાળવવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે યુનિ.નું અંદાજપત્ર યુનિ.ની સત્તાવાર વેબસાઇટ પર તા.૩૧ માર્ચ સુધીમાં મુકી દેવામાં આવે છે. પરંતુ આ વખતે હજુ સુધી યુનિ.ની વેબસાઇટ પર હજુ અંદાજપત્ર મુકવામાં નહીં આવતા યુનિ.ની વર્ષોથી ચાલી આવતી પરેપરા તુટી છે.

## રેવન્યુ કચેરીના મહત્તમ સ્ટાફ ચૂંટણી ફરજ પર હોવાથી ફાઈલો સહિત અને કામો થયા ઠપ્પ

# રેવન્યુ કચેરી ખાલીખમ : કામગીરી અધરતાલ

રાજકોટ, તા. ૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં દરેક સરકારી કચેરીઓ ના કર્મચારી તથા અધિકારીઓને ફરજ સોંપવામાં આવેલી છે ત્યારે વિવિધ કચેરીઓ ના કર્મચારી તથા અધિકારી હાલ ચૂંટણી ફરજ પર હોવાના કારણે જે રૂટીન કાર્ય છે તે પડી ભાંગ્યું છે તેમાં પણ સર્વે ભવનની વાત કરવામાં આવે તો આ રેવન્યુ લગતી કચેરીમાં ૯૫% જે કર્મચારીઓ છે તે ચૂંટણી ફરજ પર રહેલા છે અને પરિણામ સ્વરૂપે હાલ કચેરીનું કામ ઠપ્પ થઈ ગયું છે. હાલ જમીન માપણી સહિતના પ્રોપર્ટી કાર્ડ શું થઈ શક્યા નથી જેને લઈને આવનારા દિવસોમાં પણ કચેરીમાં કામનું ભારણ વધુ જોવા મળશે.

રાજકોટ શહેર-જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ હવે સાવ નજીક આવી ગઈ છે. ચૂંટણી સ્ટાફમાં રોકાયેલા કર્મચારી અને અધિકારીઓની તાલિમનો તબકકો પણ પૂર્ણ થઈ ગયો છે. તેમજ ઈવીએમ પણ ડિલિસ્ટીંગ કરી સ્ટ્રોંગરૂમમાં રાખી દેવાયા છે અને મોટાભાગનો ચૂંટણી સ્ટાફ અંતિમ તબકકાની તૈયારીમાં પડી ગયો છે. પરંતુ ચૂંટણી કામગીરી માટે શહેર-જિલ્લાની તમામ કચેરીઓમાંથી કર્મચારી અને અધિકારીઓને રોકી દેવાયા હોય અનેક મહત્વની કચેરીઓમાં, અગત્યની કામગીરી ખોરંભે પડી ગઈ છે અને આમ જનતાનાં મહત્વનાં તમામ કામો ખોરવાઈ ગયા છે.

આવી જ મહત્વની કચેરીઓ છે. સિટી સર્વે અને ડીઆઈએલઆર શહેરનાં જામનગર રોડ ઉપર આવેલી આ કચેરીનાં ૯૫ ટકા જેટલા સ્ટાફને ચૂંટણી કામગીરીમાં રોકી લેવાયો છે. આથી હાલ રેવન્યુને લગતી અનેક અગત્યની કામગીરી ટોટલી ઠપ્પ થઈ જતા અરજદારોને ધરમધકકા થઈ રહ્યા છે. કચેરીનાં સૂત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ સિટી સર્વે અને ડીઆઈએલઆર કચેરીના મોટાભાગનાં અધિકારી અને કર્મચારીઓને ચૂંટણીની રાષ્ટ્રીય કામગીરીમાં રોકી લેવાયા છે. આથી હાલ આ કચેરીમાં માત્ર ૪ પિયુન અને ૪ કલાર્ક જ ફરજમાં બચ્યા છે અને કલાર્ક તથા પિયુન કક્ષાના કર્મચારીઓ પાસે અગત્યની કામગીરી કરવાના કોઈ પાવર્સ હોતા નથી.જેના કારણે હાલમાં ઉપરોકત બન્ને કચેરીમાં કાગડા ઉડી રહ્યા છે અને અરજદારોના જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ, ટાઉન પ્લાનીંગ તથા રિ-સર્વે સુધારા હુકમ સહિતની મહત્વપૂર્ણ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે અને અનેક અરજદારોને કાળઝાળ ગરમીમાં કચેરીના ધરમધકકા થઈ રહ્યા છે.



# આચારસંહિતાના ભંગ બદલ ૫૦૦૦ બોર્ડ-બેનરો દૂર

રાજકોટ, તા. ૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને સમગ્ર રાજ્યમાં હાલ આચાર સંહિતા ની અમલવારી થઈ રહી છે ત્યારે પણ અધિકૃત રીતે લગાવવામાં આવેલા બોર્ડ અને બેનરોને ઉતારવા માટેની કામગીરી હાલ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા હાથ ધરાયેલી છે ત્યારે છેલ્લા ઘણા સમયથી અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને ઘણી ખરી ફરિયાદો પણ ઉઠી રહી છે જે સંદર્ભે તંત્ર દ્વારા પાંચ હજાર જેટલા પોસ્ટર-બેનર અને ૧૬૦૦થી વધુ ઝંડા દુર કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. અત્યારે બાકી રહેતા ત્રણ દિવસની અંદર હજુ પણ આ પ્રકારના જે અનઅધિકૃત રીતે બોર્ડ અને બેનરો લાગેલા હશે તેને દૂર કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે.

મંજૂરી વગર મુકવામાં આવેલા અને આચારસંહિતા ભંગ કરતા ૧૫ હોર્ડિંગ બોર્ડ ઉતારવામાં આવ્યા છે તો પાંચ હજાર જેટલા પોસ્ટર અને બેનર પણ મહાપાલિકાની એસ્ટેટ શાખાએ ઉતાર્યા છે. છેલ્લા દિવસોમાં વિભાગ દ્વારા મંજૂરી વગર મુકવામાં આવેલા ૧૭૦૦ જેટલા ઝંડા ઉતારવામાં આવ્યા છે. તો અલગ અલગ સ્થળોએ અને રસ્તા પર ૪૫૨ જેટલા ભીંત સુત્રો સાફ કરવામાં આવ્યા છે.

બીજી તરફ મહાપાલિકાના વર્ગ ૩ અને ૪ના ૬૦૦થી વધુ કર્મચારીઓને જિલ્લામાં ચૂંટણી ફરજના ઓર્ડર આપવામાં આવતા તેઓ ફરજ માટે રવાના થઇ ગયા છે. તો પાંચ પદાધિકારીઓ પૈકીના એક સિવાયની તમામ ચાર કાર અને અલગ અલગ વિભાગના વાહનો જિલ્લા ચૂંટણી તંત્રએ રેકવીઝીટ કર્યા છે. આ રીતે મતદાનના ચાર દિવસ પહેલા સ્ટાફ અને વાહનો સહિત મનપા તંત્રને ચૂંટણી તંત્રએ વધુ દોડતું કર્યુ છે.

**ચૂંટણી કામગીરીમાં મહાનગરપાલિકાના ૬૦૦ કર્મચારીઓને સોંપાઈ જવાબદારી**

# ભોમેશ્વરમાં ટ્રાફિક સમસ્યા વિકરાળ



## ફાટક સાથે ઓટો રીક્ષા અથડાતા ટ્રાફિક જામ ક્ષતિગ્રસ્ત ફાટકને દોઢ કલાકમાં કરાયું રીપેર

રાજકોટ, તા. ૨૨

મળતી માહિતી મુજબ હાલ સાંઢીયા પુલ નું કામ જે ગતિએ ચાલી રહ્યું છે તેનાથી ભોમેશ્વરમાં રહેતા લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ગઈકાલે રેલવે ફાટક ખુલતા જ ઓટો રીક્ષા ચાલક ફાટક સાથે ટકરાતા પાઈપને ક્ષતિ પહોંચી હતી જેના કારણે ટાંકી દે તેનું સમારકામ કરવામાં આવ્યું હતું પરંતુ તે દરમિયાન દોઢ કલાક જેટલો સમય ટ્રાફિકજામ રહ્યો હતો. ત્યારે આ વિસ્તારમાં વસતા લોકો માત્ર એક જ માંગ કરી રહ્યા છે કે તાકીદે પુલ શરૂ થાય જેથી જે ભીડ થતી હોય છે તે ન થાય. અને અકસ્માતની પણ શક્યતા નહિવત રહે. દોઢ કલાક ચાલેલા સમારકામ દરમિયાન વાહનચાલકોને પરત મોકલવામાં આવ્યા હતા.

દોઢ કલાક સુધી ફાટક બંધ રહેતા બંને સાઇડ ટ્રાફિક જામ થતાં દેકારો મચી જતાં રેલવે પોલીસ દોડી આવી હતી. બંને સાઇડ માર્ગમાં બેરીકેટ ગોઠવી વાહનોને પાછા વાળવામાં આવ્યા હતા. દોઢ કલાક સુધી વાહન ચાલકો આમ જનતા હેરાન પરેશાન થઇ હતી. ગઈકાલે સવારે ૧૦-૧૫ કલાકે વેરાવળ-અમદાવાદ ઇન્ટરસીટી ટ્રેન રાજકોટમાંથી પસાર થતાં ભોમેશ્વર રેલવે ફાટક ટ્રેનના પસાર થવા સમયે બંધ કરવામાં આવ્યું હતું. આ સમયે એક ઓટો રીક્ષા ફાટક સાથે ટકરાતા ફાટકનો પાઇપ વળી જતાં ફાટક લોક થતાં ઉંચુ નહીં થઇ શકતા ટેકનીકલ ક્ષતિ સર્જાઇ હતી. ટ્રેન પસાર થયા બાદ યુધ્ધના ધોરણે ફાટકનું સમારકામ હાથ ધરાયું હતું.

વહેલી સવારે કામ-ધંધા રોજગાર, નોકરીએ જતાં વાહન ચાલકો ફસાયા હતા પરિણામે દેકારો મચી જતાં રેલવે પોલીસે દોડી આવી બંને સાઇડ બેરીકેટ ગોઠવી વાહનોને પાછા વાળતા આકરા તાપમાં વાહન ચાલકો હેરાન પરેશાન થયા હતા. ઘણા વાહન ચાલકો નાની-નાની ગલીઓ અને નાના નાલામાંથી મહામુસીબતે પસાર થઇ હાશકારો મેળવ્યો હતો.

રેલવે વિભાગના યાંત્રિક ટેકનીકલ સ્ટાફ દ્વારા યુધ્ધના ધોરણે ફાટકનું રીપેરીંગ કામ હાથ ધર્યું હતું. તાત્કાલીક પોલીસ અને ઇન્ટર લોકીંગ સીસ્ટમને પૂર્વવત કરવામાં આવી આખરે દોઢ કલાકની મહેનત બાદ આ ફાટક પુનઃ વાહન વ્યવહાર શરુ થતાં વાહન ચાલકો-શહેરીજનો અને આસપાસના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# શપથ ફેશન

## મતદાન કરવાના સંકલ્પ ચારેબાજુ થાય છે, પણ..




ચૂંટણીનો માહોલ જામ્યો છે. રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં લોકશાહીના પર્વની તૈયારીઓ ચાલી રહી છે. હાલમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જાહેર કાર્યક્રમો, સરકારી કચેરીઓ અને ખાનગી કંપનીઓમાં પમતદાનના શપથથ લેવડાવવામાં આવે છે. હાથ આગળ ધરીને સામૂહિક સંકલ્પ લેવાના ફોટા સોશિયલ મીડિયા પર છવાયેલા રહે છે. આ પ્રક્રિયા જોવામાં સારી લાગે છે, પરંતુ શું તે વાસ્તવિક મતદાન વધારવા માટે પર્યાપ્ત છે? કદાચ નહીં. શપથ લેવા એ હવે એક સામાજિક ફેશન બની ગઈ છે.

રાજકોટ જેવા જાગૃત શહેરમાં પણ મતદાનની ટકાવારી અપેક્ષા મુજબ વધતી નથી. મતદાન ઘટવા પાછળના ઊંડા કારણો તપાસવાની જરૂર છે. લોકો શા માટે પોલિંગ બૂથ સુધી પહોંચતા નથી? માત્ર જનજાગૃતિના બેનરો લગાવવાથી કે શપથ લેવડાવવાથી મતદારનું મન બદલાતું નથી. મત ન આપવા પાછળ અનેક સામાજિક અને રાજકીય કારણો જવાબદાર છે. આ કારણો પર ગંભીર રિસર્ચ થવું જોઈએ. ચૂંટણી પંચ અને શાસન દ્વારા આ દિશામાં નિષ્ઠાપૂર્વક પ્રયાસો થવા જોઈએ.

સૌથી મોટું કારણ રાજનીતિ પ્રત્યેની વધતી જતી અરુચિ છે. સામાન્ય માણસનો રાજકારણ પરથી વિશ્વાસ ડગમગવા લાગ્યો છે. પક્ષો બદલાય છે, ચહેરાઓ બદલાય છે, પરંતુ પાયાના પ્રશ્નો ઉકેલાતા નથી. રાજકોટના મતદારો સ્માર્ટ છે. તેઓ વાયદા અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત સમજે છે. રાજકીય પક્ષોને મત જોઈએ છે, પણ રાજનીતિનું શુદ્ધિકરણ કોઈને કરવું નથી. ભ્રષ્ટાચાર, પક્ષાંતર અને નૈતિકતાના અભાવે મતદારોમાં ઉદાસીનતા જન્માવી છે.

ચૂંટણી પંચ માત્ર આંકડાકીય લક્ષ્યો રાખે છે. જો મતદાન વધારવું હોય તો પાયાની સમસ્યાઓ દૂર કરવી પડશે. મતદારોને એવો વિશ્વાસ અપાવવો પડશે કે તેમનો એક મત પરિવર્તન લાવી શકે છે. જો મત ન આપવાના કારણો દૂર થશે, તો લોકો સામે ચાલીને મતદાન કરશે. શપથના કાર્યક્રમોમાં જે ઉર્જા દેખાય છે, તેવી જ ઉર્જા રાજનીતિની ગંદકી સાફ કરવામાં બતાવવી પડશે. લોકશાહીમાં શપથ એ માત્ર શબ્દો ન હોવા જોઈએ, પરંતુ તે હૃદયનો અવાજ હોવો જોઈએ. જ્યારે રાજનીતિ શુદ્ધ થશે, ત્યારે મતદાન આપોઆપ વધશે.

# પહેલગામ હુમલાની વર્ષગાંઠ બૈસરન ખીણના ઘા હજુ પણ તાજા

## આતંકવાદીઓના આ કાયર કૃત્યથી ઘણા પરિવારો બરબાદ થઈ ગયા



નવીદિલ્હી, તા. ૨૨

આજે ૨૨ એપ્રિલ (૨૦૨૫) ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને એક વર્ષ પૂર્ણ થયું છે, પરંતુ તે ભયાનક દ્રશ્ય લોકોના મનમાં તાજું છે, જેનાથી તેમના હૃદયમાં કંપન ફેલાયેલું છે. બૈસરન ખીણમાં પ્રવાસીઓને નિશાન બનાવતા આ હુમલામાં છવીસ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓના આ કાયર કૃત્યથી ઘણા પરિવારો બરબાદ થઈ ગયા. આતંકવાદીઓએ ખાસ કરીને પુરુષોને નિશાન બનાવ્યા અને મહિલાઓના કપાળ પરથી સિંદૂર લૂછી નાખ્યું. પ્રિયજનો ગુમાવવાનું દુઃખ તે પરિવારોને સતાવે છે. માત્ર પીડિતો જ નહીં, પરંતુ ખીણમાં તેમની સાથે ગયેલા અને જીવતા પાછા ફરનારાઓ પણ હજુ સુધી આઘાતમાંથી બહાર આવ્યા નથી. આમાં વિશાખાપટ્ટનમના ચંદ્રમૌલીનો પરિવાર પણ શામેલ છે.

હુમલાના એક વર્ષ પછી પણ, પીડિતો અને મૃત્યુના મુખમાંથી પાછા ફરનારાઓના પરિવારો પર આતંકવાદીઓનો ભયાનક પડછાયો છવાયેલો છે. જે લોકો બચી ગયા છે અને તેમના પરિવારો હજુ પણ ગંભીર માનસિક આઘાતથી પીડાઈ રહ્યા છે. જે પરિવારોએ પોતાની આંખો સમક્ષ પોતાના પતિ, પુત્રો અને પ્રિયજનો ગુમાવ્યા છે તેઓ આઘાતમાં છે. બૈસરન મેદાનોમાં તેમની આંખો સમક્ષ જે ભયાનક દ્રશ્યો દેખાયા તે આજે પણ તેમના હૃદયમાં કંપન લાવે છે. પહેલગામ હુમલાના ભોગ બનેલાઓમાં વિશાખાપટ્ટનમના ચંદ્રમૌલીનો પરિવાર પણ શામેલ છે. પહેલગામ આતંકવાદી હુમલામાં નિવૃત્ત બેંક અધિકારી ૬૮ વર્ષીય ચંદ્રમૌલીએ પોતાનો જીવ ગુમાવ્યો. છેલ્લા ચાર વર્ષથી, તે અને તેની પત્ની નાગમણી, વિશાખાપટ્ટનમના બીચ રોડ પર પાંડુરંગપુરમમાં JEV Encourage એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૫ માં રહેતા હતા. તેમની બે પુત્રીઓ છે, નિહારિકા અને અનમિત્રા, જેઓ પરિણીત છે અને યુનાઇટેડ સ્ટેટ્સમાં રહે છે.

ગયા વર્ષની ૧૮મી તારીખે, ચંદ્રમૌલી અને તેની પત્ની નાગમણી, ખુશીથી ૧૦ દિવસની યાત્રા માટે ઘરેથી નીકળ્યા હતા. તે ત્રણ મિત્રો અને તેમના પરિવારો સાથે કાશ્મીર ગયો હતો અને ખૂબ મજા કરી હતી. ૨૨મી તારીખે, તેઓ મીની સ્વિટ્ઝર્લેન્ડ તરીકે ઓળખાતા પહેલગામ ગયા હતા. તેઓ બધા ઘોડા પર સવાર થઈને બૈસરન ખીણ ગયા હતા. બપોરે ૧ વાગ્યાની આસપાસ બૈસરન પહોંચ્યા પછી, ચંદ્રમૌલી શૌચાલયમાં ગયા. તે બહાર નીકળ્યો કે તરત જ અચાનક ગોળીબાર શરૂ થયો. હૃદય રોગથી પીડાતા ચંદ્રમૌલીએ નજીકના વાડને પાર કરીને ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ આતંકવાદીઓએ તેનો પીછો કર્યો. મદદ માટે તેની વિનંતી છતાં, તેઓએ કોઈ દયા બતાવી નહીં. તેઓએ ચંદ્રમૌલીને ગોળી મારીને મારી નાખ્યો. આ ઘટના તેની સાથે રહેલા લોકોની સામે બની.

ચંદ્રમૌલીની પત્ની, નાગમણી અને અન્ય પાંચ લોકો ગીચ ઝાડીઓ અને ઝાડ પાછળ છુપાઈને ભાગવામાં સફળ રહ્યા. તેમાંથી એક, અપ્પન્ના, આતંકવાદીઓથી માંડ માંડ બચી ગઈ. પછી તેઓ નજીકના સલામત આશ્રયસ્થાનમાં પાછા ફર્યા. તે સમયે ચંદ્રમૌલીનો પત્તો લાગ્યો નહીં. તેઓએ ધાર્યું કે તે નજીકમાં ક્યાંક ઘાયલ થયો હશે. જેમ જેમ મૃતક વિશે માહિતી બહાર આવવા લાગી, નાગમણી, શશિધર, અપ્પન્ના અને તેમના સાથીઓ શોક અને ભયથી ભરાઈ ગયા. પછી એવા સમાચાર આવ્યા જેણે તેમના હૃદયને ધ્રુજાવી નાખ્યા.

# તમિલનાડુ-પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં EVM સાથે છેડછાડ પર EC કડક

નવીદિલ્હી, તા. ૨૨

તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલે મતદાન થવાનું છે, અને EVM સાથે ચેડાં થયાના અહેવાલો પહેલાથી જ સપાટી પર આવવા લાગ્યા છે. કેટલાક રાજકીય કાર્યકરો EVM બટનો પર સુગંધ લગાવીને મત તેમના પક્ષમાં ગયો છે કે નહીં તે નક્કી કરે છે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે. આવી ગોટાળાના અહેવાલો વચ્ચે, ચૂંટણી પંચના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે આવી ક્રિયાઓને ચેડાં ગણવામાં આવશે, જે ચૂંટણી ગુનો છે. તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં ૨૩ એપ્રિલના રોજ યોજાનાર મતદાન પહેલા, અધિકારીઓએ જણાવ્યું હતું કે જો કોઈ મતદાન મથકના પ્રિસાઇડિંગ અધિકારી આવી ગેરરીતિમાં સંડોવાયેલા જોવા મળે છે, તો તેમણે સેક્ટર ઓફિસર અથવા રિટર્નિંગ ઓફિસરને તેની જાણ કરવી જોઈએ.

ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે, EC ફોજદારી કાર્યવાહી કરવામાં અચકાશે નહીં અને ફરીથી મતદાનનો આદેશ આપી શકે છે.તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની ચૂંટણી પહેલા EVM સાથે ચેડાં થયાના અહેવાલો પર ચૂંટણી પંચ (EC) એ કડક વલણ અપનાવ્યું છે. પંચે જણાવ્યું હતું કે EVM બટનો પર સુગંધ કે રંગ લગાવવો એ ચૂંટણી ગુનો છે અને તેને ચેડાં ગણવામાં આવશે. દરેક બૂથના પ્રિસાઇડિંગ ઓફિસરે તપાસ કરવી અને ખાતરી કરવી જરૂરી છે કે EVM પરના બધા ઉમેદવારના બટનો સ્પષ્ટ રીતે દેખાય છે અને કોઈપણ ઉમેદવારનું બટન ટેપ, ગુંદર અથવા અન્ય કંઈપણથી ઢંકાયેલું નથી. અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મતની ગુપ્તતા સુનિશ્ચિત કરવા માટે, બેલેટ યુનિટ (જેના પર મતદારોએ પોતાનો મત આપ્યો છે) પર ઉમેદવારના બટનો પર કોઈ રંગ, શાહી, પરફ્યુમ અથવા અન્ય રસાયણ લગાવી શકાતું નથી. તેમણે સમજાવ્યું કે જો આવો કોઈ કેસ મળી આવે, તો પ્રિસાઇડિંગ ઓફિસર તાત્કાલિક સેક્ટર ઓફિસર અથવા રિટર્નિંગ ઓફિસરને જાણ કરશે. અન્ય એક અધિકારીએ ઉમેર્યું કે આવા બધા કિસ્સાઓ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) સાથે ચેડાની શ્રેણીમાં આવી શકે છે, જે ચૂંટણી ગુનો છે. તમિલનાડુમાં, બધી ૨૩૪ બેઠકો માટે ૨૩ એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે. પશ્ચિમ બંગાળમાં, મતદાન બે તબક્કામાં યોજાશે: પ્રથમ તબક્કો ૨૩ એપ્રિલે અને બીજો ૨૯ એપ્રિલે. મત ગણતરી ૪ મેના રોજ થશે.




કમિશને કહ્યું છે કે EVM બટનો પર પરફ્યુમ કે રંગ લગાવવો એ ચૂંટણી ગુનો છે અને તેને છેડછાડ ગણવામાં આવશે.

# રાહુલ સાથે રહ્યા બાદ ખડગેની ભાષા બગડી



અમિત શાહનો કોંગ્રેસ પર પલટવાર કહ્યું , કોંગ્રેસ અને રાહુલ ગાંધી જેટલું મોદીનું અપમાન અને બદનામ કરવાનો પ્રયાસ કરશે, તેટલું જ કમળ ગર્વથી ખીલશે

નવીદિલ્હી, તા. ૨૨

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દમદમ ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે કોંગ્રેસ અને ટીએમસી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા પીએમ મોદી વિશેની ટિપ્પણીનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ખડગે અગાઉ આવા નિવેદનો આપવાનું ટાળતા હતા. જોકે, રાહુલ ગાંધી સાથેના તેમના જોડાણને કારણે તેમની ભાષા બગડી ગઈ છે. રાહુલ ગાંધી સાથેના તેમના જોડાણને કારણે જ કોંગ્રેસ પ્રમુખ પીએમ નરેન્દ્ર મોદીને આતંકવાદી કહી રહ્યા છે. અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ અને રાહુલ ગાંધી જેટલું મોદીનું અપમાન અને બદનામ કરવાનો પ્રયાસ કરશે, તેટલું જ કમળ ગર્વથી ખીલશે. શાહે દાવો કર્યો કે આ વખતે બંગાળની ચૂંટણી પછી મમતા બેનર્જીને પદભ્રષ્ટ કરવામાં આવશે. આ ચૂંટણી બંગાળમાં નોંધપાત્ર પરિવર્તન લાવશે. શાહે ફરી એકવાર દાવો કર્યો કે જો ભાજપ સત્તામાં આવશે, તો બંગાળનો એક બંગાળી મુખ્યમંત્રી બનશે. તેમણે સભાને કહ્યું કે દરેકે ટીએમસીથી દૂર રહેવું જોઈએ અને તેમનાથી ગેરમાર્ગે ન જવું જોઈએ.

આ ભાષણ દરમિયાન અમિત શાહે પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસના સભ્યો આતંકવાદીઓને બિરયાની ખવડાવતા હતા અને તેમની સાથે આદરપૂર્વક વર્તતા હતા. પરંતુ જ્યારે ભાજપ સત્તામાં આવ્યો ત્યારે આતંકવાદીઓને તેમના ઘરમાં જ મારી નાખવામાં આવ્યા. પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું, અને આતંકવાદીઓનો તેમના ઘરમાં ઘૂસીને બદલો લેવામાં આવ્યો હતો. પોતાના ભાષણ દરમિયાન અમિત શાહે ટીએમસી અને મમતા બેનર્જી પર પણ આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે ૪ મેના રોજ સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ થશે. પહેલો રાઉન્ડ સવારે ૯ વાગ્યે શરૂ થશે, બીજો રાઉન્ડ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે, અને જ્યારે ગણતરી બપોરે ૧ વાગ્યે પૂર્ણ થશે, ત્યારે મમતા દીદી ગુડબાય કહેશે. એક રીતે દીદીને બંગાળમાંથી હાંકી કાઢવામાં આવશે. તેમણે દાવો કર્યો કે ૫ મે પછી, સિન્ડિકેટ બંગાળ છોડી દેશે. શાહે કહ્યું કે ટીએમસીના કારણે લોકસભામાં મહિલા અનામત બિલનો પરાજય થયો હતો. ટીએમસીએ કોંગ્રેસ સાથે મળીને આપણી માતાઓ અને બહેનોને લોકસભા અને વિધાનસભામાં પ્રવેશતા અટકાવ્યા છે. મતદાનના દિવસે તમારે બધાએ આનો જવાબ આપવો પડશે.

રેલીમાં હાજર લોકોને સંબોધતા અમિત શાહે કહ્યું કે ૨૯મી તારીખે તમારે બધાએ મતદાન કરવાનું છે, પરંતુ ધારાસભ્યને ચૂંટવા કે ભાજપની સરકાર બનાવવા માટે નહીં, પરંતુ બંગાળને ઘુસણખોરોથી મુક્ત બનાવવા માટે. શાહે કહ્યું કે તેમણે લોકોને વચન આપ્યું છે કે જો બંગાળમાં તેમની સરકાર બનશે તો બાબરી મસ્જિદ ફરીથી બનવા દેવામાં આવશે નહીં. કોઈપણ સંજોગોમાં તેનું બાંધકામ થવા દેવામાં આવશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દમદમ ઉત્તર વિધાનસભામાં એક રેલીને સંબોધિત કરતા કોંગ્રેસ અને ટીએમસી પર મોટો હુમલો કર્યો. અમિત શાહે કહ્યું કે ખડગેએ પહેલા આવા નિવેદનો આપ્યા નહોતા. પરંતુ, રાહુલ બાબા સાથે રહ્યા પછી, તેમની ભાષા પણ બગડવા લાગી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## હે કાનુડા તોરી ગોવાલણ! આ રચનાનાં માધ્યમથી નરસિંહ શું કહેવા માંગે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૦૨૬ ને શરૂ થયે એક અઠવાડિયું થયું! પણ ગયાં વર્ષે જેવું જીવતાં હતાં એમ જ આ વર્ષે બધાં જીવે છે! વિતેલા સમયની ભૂલ ને ન દોહરાવવી જોઈએ એવો કોઈ રંજ ક્યાંય દેખાતો નથી! એનાં પરથી કહી શકાય કે સમય તો સમયની રીતે ગતિ કરે છે, એમાં આપણે કંઈ કરવાનું હોતું નથી. આમ પણ સમાજમાં એવા લોકો છે જે પોતાના જડ વલણને પરંપરા કે સંસ્કૃતિને નામે વળગી રહેલા છે, અને સર્વાંગી વિકાસ માટે બાધક બની વિકાસ ને રુંધી રહ્યા છે. હાલાકી પરિવર્તન પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે! જેમ કે બીજનું અંકુરિત થવું, છોડને પર્ણ, ફૂલ, ફળ, આવવાં બધું જ ખરી જવું! વળી ઊગવું! એ જ રીતે સૂર્ય ચંદ્ર અને તારા એનાં નિશ્ચિત સમયે જ આકાશમાં દેખાવા, ઋતુ પ્રમાણે વાતાવરણ ઠંડુ ગરમ.. બાહ્ય જેમ જ આપણી અંદરની પ્રકૃતિ પણ બાળક માંથી યુવા, અને યુવા માંથી વયસ્ક, તેમજ પછી વૃદ્ધ થાય! જીવનું અહીં એક જ કાર્ય છે, કે એણે બાહ્ય અને આંતર પ્રકૃતિનું પહેરેદાર બની રક્ષણ કરવાનું, પણ જે સંપત્તિ આપણી ક્યારેય ન્હોતી, એનાં આપણે સ્વામી બની જઈએ છીએ, અને એટલે અહંકાર આવી જાય છે, જે અહંકાર આત્મ ખોજ કે દર્શન માટે બહુ મોટો ખતરો છે. નરસિંહની આવાં જ ભાવ વાળી એક રચના વિશે ચિંતન કરીશું.

** નરસિંહ મહેતા**

હે કાનુડા તોરી રે ગોવાલણ મોરલીએ લલચાણી રે
હેં કાનુડા તોરી ગોવાલણ
હરખેં મેં તો ઈંઢોણી લીધી ભરવા હાલી હું તો પાણી રે;
ગાગર ભરોંસે ગોળી લીધી આરાની હું અજાણી રે

હે કાનુડા એટલે કે કૃષ્ણ, આ ગોપી તારી મોરલીની ધૂનમાં લલચાઈને પાગલ બની છે, અને આ સંસારની મને કોઈ સમજ નથી! મેં તો હરખ ભેર ઈંઢોણી લીધી અને પાણી ભરવા નીકળી, ગાગર ગોળીના ભેદને હું જાણતી નહોતી, એટલે ગાગર સમજી મેં ગોળી લીધી! કારણકે આરાની એટલે અહીંની, અથવા આ સંસારથી સાવ હું અજાણી છું.

હેં કાનુડા તોરી ગોવાલણ
ગાય ભરોંસે ગોધાને બાંધ્યો દોહ્યાંની હું અજાણી રે;
વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા બાંધ્યા છે બહુ તાણી રે

હે કાનુડા પરણીને તો આવી ગઈ, પણ ગાય વાછરડા જેવો પ્રાથમિક તફાવત પણ હું જાણતી નથી, એટલે ગાયની બદલે મેં દોહવા માટે ગોધાને એટલે કે વાછરડું બાંધ્યું! અને વાછરુંની જગ્યાએ છોકરાંવને તાણી તાણીને બાંધ્યાં!

હેં કાનુડા તોરી ગોવાલણ
રવાઈ ભરોંસે ઘોસરું લીધું વલોવ્યાની હું અજાણી રે;
નેતરાં ભરોંસે સાડી લીધી દૂધમાં રેડયાં પાણી રે

હે કાનુડા હું આ સંસારથી સાવ અજાણી છું, દહીં વલોવવા માટે રવાઈની પાતળી દોરી ની બદલે મેં ગાય બાંધવાનું જાડું ઘોસરું લીધું! અને માખણ કાઢવા નેતરાં બદલે સાડી બાંધી.

હેં કાનુડા તોરી ગોવાલણ
ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે ઘેલી હું રંગમાં રેથલી રે;
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી પૂરણ પ્રીત હું પામી રે
હેં કાનુડા તોરી ગોવાલણ

હે કાનુડા આખું ગામ મને ઘેલી ઘેલી કહીને ચીડવે છે, પણ હું તો આ ભાવ રંગમાં રમમાણ થઈ ગઈ છું! અને આમ જ મને નરસિંહ મહેતા નાં સ્વામી મળ્યા અને એની પૂર્ણ પ્રીતને હું પામીને ધન્ય બની! હે કાનુડા તારી ગોવાલણ..

કવિની રચનાનાં સ્થૂળ અર્થમાં આપણે જોયું કે, કવિ આપણી આંખ આગળ દ્વાપરના ગોકુળના ગ્રામ્ય જીવનનું એ દ્રશ્ય ખડું કરી દે છે, અને એક ગોવાલણ એટલે કે ગોપીની માનસિકતાનું રસપ્રદ દર્શન રજૂ કરે છે. નરસિંહ તો કાળને ઓળંગી ગયાં હતાં, અને એણે દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારા સાથે ગોપી બની વ્રજની લીલાઓ કરી હતી , એટલે ગોપી તરીકે પોતાના મનોભાવ વ્યક્ત કરતાં કહે છે કે, હે કાનુડા હું કહેવાને જ સંસારી છું, એટલે કે મારા પતિની પત્ની, ઘરના વડીલોની પૂત્રવધૂ છું, કે મારા બાળકોની માતા છું! આ બંધાજ સંસારી સંબંધો મને સંસારમાં બાંધી શકતાં નથી!; કારણ કે હું તારી પ્રીતમાં રંગાણી છું! પણ દર વખતની જેમ નરસિંહની સૂક્ષ્મ ચેતના હજી ઝીણું કાંતે છે, અને કહે છે આ રચના દ્વારા કવિ ઈશ્વર, જીવ, અને સંસાર આ ત્રિકોણની રસાકસીની વાત મુકીને જીવની ઈશ્વર પ્રત્યેની જે માધુર્ય ભક્તિ છે એનું વર્ણન કરે છે! પણ જેને કોઈ સામાન્ય જન સમજી ન શકે! અને એને ઘેલી કહે છે! આરાની અજાણી, ગોધાને બાંધ્યો, ઘોસરું, નેતરાં વગેરે ઉપમા વિશે ચિંતન કરીએ તો, જો જીવ ઈચ્છે તો એ સંસારથી અજાણી એટલે કે અલિપ્ત રહી શકે છે, ગોધાને બાંધ્યો એટલે કે ગાય દોહવા માટે ગાયની જગ્યાએ વાછરડું બાંધ્યું! એટલે કે ગાય રુપી ઈન્દ્રિયોનું દોહન કરી એને જીવવાનું હતું, પણ સંસારની અજાણી હતી એટલે વાછરડું એટલે કે ભોગ્ય પદાર્થને અથવા મમતાને જ ભક્તિ રસ માની લીધો! રવાઈ અને ઘોસરું આ ઉદાહરણ પરથી કહે છે કે જીવ ઈશ્વર સુધી પહોંચવા માટે ભક્તિના પાતળાં દોરડે પહોંચી શકે એમ હતો! પણ ઘોસરું જેવા જાડાં એટલે કે અઘરાં માધ્યમો માં અટવાઈ ગઈ! ટૂંકમાં ભક્તિમાં ભોળા ભાવે કરેલી ભૂલો જ ભગવાન સુધી દોરી જાય છે! પણ ભક્તિને નામે આપણાં આગ્રહોની આળપંપાળ આપણને સાચાં ભાવ કેન્દ્રિત ભક્તિ કરવા દેતી નથી. હજી વધુ સુક્ષ્મ દર્શન કરીએ તો કવિ આપણી પ્રતયેક ઈન્દ્રિયોને ગાયની ઉપમા આપે છે,અને ઈન્દ્રિયોથી બનતા શરીરના રક્ષણની જવાબદારી ગોવાલણ એટલે કે જીવની છે. જીવ એ પરમાત્મા શ્રીકૃષ્ણ એ જેમ ગાયોને ચારી હતી, એ રીતે ઈન્દ્રિયો રુપી ગાયને ઘાસચારો આપી પોષણ કરવાનું છે! અને તો જ જીવ પરમાત્મા રુપે કાનુડાને પામી શકે! એનાં પ્રેમમાં પાગલ બની, અને ઘેલી ઘેલી કહેવડાવી શકે! અને એને એટલે કે ઈશ્વરને કહી શકીએ કે હે ઈશ્વર હું સંસારની નથી, અને મેં ફક્ત તારા ભરોસે જ સંસારનો ભાર સ્વીકાર્યો છે! બાકી મારી સાચી ઓળખ માત્ર તારી સાથે જ છે, બાળકને બાંધ્યું એટલે કે મારી મમતાનું કેન્દ્ર માત્ર તું જ છો. જેમ રવાઈનો સાવ સુક્ષ્મ અર્થ જીવાદોરી થાય છે, એ જ રીતે નેતરાંનો એક નજર થાય છે, અને કવિ કહે છે કે સંસારીની નજરનો કોઈ ભરોસો નથી હોતો, અને એટલે મેં તો સાડી એટલે કે, મેં મારી લાજ ! જે સ્ત્રીઓ માટે ખૂબ જ મહત્વની હોય છે, એને જ તને સોંપી દીધી છે! મારાં કુટુંબની કે કુળની આબરૂ મર્યાદા બધું જ તું હવે નક્કી કરજે! કારણકે કહેવાતો આ સમાજ કે સંસારીઓ મને ઘેલી ઘેલી કહે છે, પણ હું નરસિંહ નાં સ્વામીને પામી ગઈ. આમ કવિએ ભક્ત અને ભગવાનનાં એટલે કે ગોપી અને શ્રીકૃષ્ણનાં અગમ્ય ભાવનું સુંદર નિરૂપણ કર્યુ છે, જે આપણા જેવા માટે આસાનીથી ઈશ્વર સુધી દોરી જાય છે! આપણે આ ભાવાર્થને પકડી સંસારથી અલિપ્ત રહી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# રાજકોટનાં ઈતિહાસમાં પ્રથમ વખત ક્ષત્રિય મહિલા સંમેલન

## ખુબ મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજની મહિલાઓ રહ્યા હાજર : શૌર્ય, સંસ્કાર, સશક્તિકરણને વેગ આપવા સંમેલન ભજવશે મહત્વનો ભાગ : વોર્ડ નં.૧૦ના કોંગ્રેસ ઉમેદવાર ભાર્ગવીબા ગોહિલનું સફળ આયોજન

રાજકોટ,તા.૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી તા.૨૬ એપ્રિલ રવિવારના રોજ યોજાવા જઈ રહી છે ત્યારે દરેક રાજકીય પક્ષ એડીચોટીનું જોર લગાવી મતદારોને રીઝવવા માટેનો પ્રયાસ કરી રહ્યાં છે અને ઠેર ઠેર સભાઓ તથા બેઠકોનો દોર ચલાવવામાં આવી રહ્યો છે. ભાજપ માટે વાત કરવામાં આવે તો રાજકોટ ખુબ મહત્વનો ભાગ ભજવશે કારણ કે અહિં મતદારોમાં નારાજગી જે રીતે પ્રર્વતી રહી છે તે જોતા ચૂંટણી લડવી સહેલી નહીં બને ત્યારે ભાજપને મ્હાત આપવા કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી પણ પોતાનું જોર લગાવી રહ્યાં છે અને મતદારો ભાજપને મત ન આપે તે માટેના પ્રયત્નો પણ હાથ ધરાઈ રહ્યાં છે. વાત કરવામાં આવે તો રાજકોટ મહાનગરની તો કોંગ્રેસે પણ ભાજપને ટક્કર આપે તેવા ઉમેદવારો મેદાને ઉતાર્યા છે.

ગઈકાલે રાજકોટ ખાતે ક્ષત્રિય મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું કે રાજકોટના આંગણે ક્ષત્રિય મહિલા સંમેલન યોજાયું હોય





ત્યારે આ સંમેલન ત્રણ પાયા પર હોવાનું માલુમ પડયું જેમાં શૌર્ય, સંસ્કાર અને સશક્તિકરણ આ ક્ષત્રિય મહિલા સંમેલનમાં નારી શક્તિનો નવો અધ્યાય પણ શરૂ થયો હોય તેવું રાજકીય આગેવાનોએ જણાવ્યું હતું અને આ સંમેલનમાં ગૌરવ શાળી પરંપરાની સાથોસાથ આધુનિક વિચારક્ષણીનો સમન્વય જોવા મળ્યો હતો. ક્ષત્રિય સમાજની ગૌરવશાળી પરંપરા અને નારી શક્તિના સન્માન સાથે આ ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું અને સંગઠનને નવી દિશા પણ આપવામાં આવી હતી. ક્ષત્રિય મહિલા સંમેલનનું આયોજન વોર્ડ નં.૧૦ના કોંગ્રેસના મહિલા આગેવાન ભાર્ગવીબા ગોહિલ (કુકડ) દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આ સંમેલનમાં અતિથી વિશેષ તરીકે સામાજિક સેવા સાથે જોડાયેલા તૃપ્તિબા રાઓલ તથા રૂદ્રશક્તિ ક્ષત્રિય મહિલા સંસ્થાનના પ્રમુખ માયાબા જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ ક્ષત્રિય મહિલા સંમેલનમાં મોટી સંખ્યામાં ક્ષત્રીયાણીઓ હાજર રહ્યા હતાં. આ તકે વોર્ડ નં.૧૦ના કોંગ્રેસ આગેવાન ભાર્ગવીબા ગોહિલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજકોટનાં ઈતિહાસમાં પ્રથમ વખત આ ટલું મોટુ ક્ષત્રિય મહિલા સંમેલન યોજવામાં આવ્યું છે. જે ખરા અર્થમાં સ્ત્રી સશક્તિકરણનું ઉદાહરણ પુરૂ પાડયું છે.

વધુમાં તેઓએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, દરેક પ્રકારના સંમેલનો યોજાતા હોય છે ત્યારે તેમાં માત્રને માત્ર મહિલાઓનું અને તે પણ ક્ષત્રિય મહિલાઓનું આયોજન રાજકોટમાં હાથ ધરવામાં આવ્યું તે ઈતિહાસ છે. વોર્ડ નં.૧૦ની સાથોસાથ ક્ષત્રિય સમાજની મહિલાઓ આર્શિવાદ આપી રહી હોવાનું પણ જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે જ્યારે સ્ત્રી સશક્તિકરણની વાત આવતી હોય તો ક્ષત્રિય સમાજ એ સમાજ છે કે જે મહિલાઓને માન સન્માન સાથે આગળ વધવાની તક આપે છે.

---

### સોશિયલ મિડીયાથી ગઠીયાઓએ કર્યો વધુ એક સફળ શિકારઃ વ્હોટ્સએપથી મેસેજ મોકલી જાળ બિછાવી

# ટાસ્કથી કમાણી કરવા જતાં મેનેજરે ગુમાવ્યા ૩૦ાા લાખ

## રીવ્યુ પુરા કરવાનું ઘર બેઠા કામ કરવા જતાં બે હાજર સામે છસ્સો ત્રીસ રૂપરડીનો નફો મળ્યો અને આંધળુકીયા કરી લાખોનું રોકાણ કરી દીધું: પછી ફદીયુંય ન મળ્યું

રાજકોટ,તા.૨૨

ઓનલાઇન સાયબર ફ્રોડની ઘટનામાં લોકો સતત લાલચની જાળમાં લપેટાઇ લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે. ગઠીયાઓ નવા નવા નુસ્ખાની સાથે સાથે જુના નુસ્ખાઓનો ઉપયોગ કરીને પણ શિકાર શોધી રહ્યા છે. વધુ એક વખત એક યુવાનને ટાસ્ક પુરા કરી પાર્ટ ટાઇમ જોબના નામે કમાણી કરવાની લાલચ આપી સાડા ત્રીસ લાખનો ચૂનો લગાવી દેવાયો છે. ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતાં આ યુવાનને વ્હોટ્સએપના માધ્યમથી મેસેજ કરી પાર્ટ ટાઇમ મની જોબની ઓફર કરવામાં આવી હતી. શરૂઆતમાં તેણે ટાસ્ક પુરા કરી રીવ્યુ આપતાં અમુક રકમનો નફો અપાયો હતો. પછી તેના લાખો રૂપિયા ઉસેડી લેવાયા હતા.

વિગતો જોઇએ તો આ ઘટના અમદાવાદમાં બની છે. સાયબર ગુનેગારોએ વધુ એક નિર્દોષ નાગરિકને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા આડત્રીસ વર્ષીય યુવકને હોટેલ-રેસ્ટોરન્ટના ગુગલ રિવ્યૂ આપવાના બહાને કમાણી કરવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂપિયા ૩૦.૪૯ લાખ પડાવી લીધા છે. પોલીસે જણાવ્યું કે વસ્ત્રાલમાં રહેતા આડત્રીસ વર્ષીય યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે કે તે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. યુવકને ફોન પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં મેસેજ આવ્યો હતો.



જેમાં પાર્ટટાઈમની જોબ ઓફર કરી હતી. આ જોબમાં મોબાઈલ ફોનથી ગુગલ મેપમાં જઈને હોટેલ અને રેસ્ટોરન્ટમાં રિવ્યુ આપવાના હતા. જે રિવ્યુ આપવાથી શરૂઆતમાં ૫૦ રૂપિયાનો ટાસ્ક મળશે અને એડવાન્સ પૈસા જમા કરાવવાથી ૧૦૦ રૂપિયાનો એક ટાસ્ક સામેથી આપવામાં આવશે, તેવું જણાવ્યું હતુ. યુવકે અજાણ્યા વ્યક્તિની વાતોમાં આવીને ટાસ્ક પુરા કરવાનું શરૂ કર્યુ હતું. આ કામના બદલામાં યુવકને શરૂઆતમાં પુરા કરવાના પૈસા આપવામાં આવતા હતા, જે બાદ યુવકને ટેલિગ્રામના ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો. આ ગ્રુપમાં એડ કર્યા બાદ રોજના એકવીસ ટાસ્ક આપવામાં આવશે, કહીને યુવક પાસેથી એડવાન્સ ૨૦૦૦ લીધા હતા.

જે પૈસા લીધા બાદ યુવકે ટાસ્ક પૂરા કરતા યુવકને ૨૬૩૦ રૂપિયા પરત આપવામાં આવ્યા હતા, જેથી યુવકને વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ ઠગોએ અલગ-અલગ બહાને યુવક પાસેથી પૈસા પડાવ્યા. યુવકને જણાવવામાં આવ્યું કે તેનો નફો ઘણો વધી ગયો છે તેવી વીઆઇપી કામ માટે વધુ ૧૬ લાખ જમા કરાવવા પડશે. લાલચમાં આવી યુવકે આ રકમ પણ ભરી દીધી હતી. વીસ દિવસમાં ટુકડે-ટુકડે કુલ ૩૦.૪૯ લાખ જમા કરાવ્યા બાદ જ્યારે યુવકે પોતાનો નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠેંગો મળ્યો હતો. ગઠીયાઓએ પ્રોસેસીંગ ફીના નામે વધુ પૈસાની માંગણી કરી હતી. યુવકને છેતરપિંડીનો અહેસાસ થતાં તેણે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક વખત ટાસ્કના નામે લાખો રૂપિયાની ઠગાઇ થઇ ગઇ હતી.

ટાસ્કના નામે, સોના ઉપર કે શેર બજારમાં રોકાણના નામે નફો આપવાની લાલચ દઇ ઘરે બેઠા કમાણી કરવાની લાલચ આપી સાયબર ગઠીયાઓ સતત અવિતર શિકાર બનાવી લોકોના રૂપિયા ઉસેડી રહ્યા છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને આંધળુકીયા કરી નહિ જેવો નફો મળે તેમાં લલચાઇ જઇ વધુ રકમ ભરપાઇ કરી દેતાં હોય છે અને પછી માથે ઓઢીને રોતાં હોય છે. આ કિસ્સામાં પણ બે હજાર રૂપરડી સામે યુવાનને છસ્સો ત્રીસ રૂપિયા આસપાસ નફો અપાયો હતો તેમાં તે લલચાઇ ગયો હતો અને વધુ રકમ ભરવા આગળ વધી ગયો હતો. એ છેક ત્રીસ લાખ ઓગણપચાસ હજાર સુધી પહોંચી ગઇ હતી. આ રકમ યુવાનને ગુમવવાની વેળા આવી હતી.

---

### મનપાની ચૂંટણીનો માહોલ જામે કે ન જામે પણ જૂગારનો માહોલ જામી ગયો

# ઘરોમાં, વાડીમાં પત્તા ટીચવા બેઠેલા ૧૫ પકડાયા

રાજકોટ,તા.૨૨

ચૂંટણીના માહોલમાં જૂગાર રસીકો પણ જાણે છુટો દોર મળી ગયો હોય તેમ સતત ગમે ત્યાં ત્યારે પાટલા માંડી રમવા બેસી જાય છે. આવા દરોડા હાલમાં વધી ગયા છે. વધુ ત્રણ દરોડામાં ક્રાઇમ બ્રાંચ, ભક્તિનગર પોલીસે અલગ અલગ સ્થળે ઘરમાં, વાડીમાં દરોડો પાડી પત્તે રમવા બેઠેલા ૧૫ને પકડી લીધા હતાં. તો એક દરોડામાં મોબાઇલ ફોનમાં આઇડી પર ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ પકડાઇ ગયો હતો.

દરોડાની વિગતો પર નજર કરીએ તો ક્રાઇમ બ્રાંચે જૂગારના બે સ્થળે દરોડો પાડી ૧૨ને ઝડપી લીધા હતાં. મોરબી રોડ મારવાડી કોલેજની સામેના કાચા રસ્તે રાજકોટના રહેવાસીની વાડીમાં ચાલતાં જૂગારધામમાંથી વાડી માલિક સહિત સાત શખ્સોને પકડી પોણો લાખની રોકડ કબ્જે કરાઇ હતી. જ્યારે દૂધ સાગર રોડ પર રહેતાં શખ્સના ઘરમાં દરોડો પાડી પાંચ શખ્સોને પકડી લઇ સત્તર હજારથી વધુની રકમ કબ્જે કરવામાં આવી હતી. મોરબી રોડ મારવાડી કોલેજની સામેના ભાગે આઇઓસી પેટ્રોલ પંપથી અંદર જતાં કાચા રસ્તે આવેલી મોરબી રોડ સેટેલાઇટ ચોક ખોડલ પાર્ક-૩ના ચંદુલાલ બચુભાઇ અજાણીની વાડીમાં ડીસીબીની ટીમ ત્રાટકી હતી.

આ વાડીમાંથી વાડી માલિક ચંદુલાલ તેમજ મોરબી રોડ ઇન્દ્રપ્રસ્થ સોસાયટીના ચંદુ નાગજીભાઇ હીરાણી, કુવાડવા રોડ શ્રીરામ પાર્કના નરેન્દ્ર રણજીતભાઇ ડોડીયા, રાજારામ સોસાયટી-૩ના રાજેશ ગોરધનભાઇ ગેડીયા, ગવરીદળના પ્રવિણ ગોવિંદભાઇ મકવાણા, મોરબી રોડ તિરૂપતી સોસાયટી-૧ના શૈલેષ દેવજીભાઇ કેરાળીયા અને આર્યનગર-૨૧ના દિનેશ મગનભાઇ લીંબાસીયાને તિનપત્તીનો જૂગાર રમતાં ઝડપી લઇ રૂા. ૭૩૩૦૦ની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી.

તો બીજી તરફ બીજા દરોડામાં ડીસીબીની ટીમે દુધની ડેરી નજીક લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી-૧માં આબીદ ગુલામહુશેન ચાવડાના ઘરમાં દરોડો પાડી તેને તથા ભગવતી સોસાયટી-૬ના શાહરૂખ સલિમભાઇ અરબીયાણી, એકતા સોસાયછટી ભગવતીપરાના આરીફ મહમદભાઇ સોરા, ભગવતી સોસાયટી-૩ના અલ્તાફ ઉર્ફે મામો રાણાભાઇ રાઉમા અને રામનાથપરા જુમ્મા મસ્જીદ પાસે રહેતાં અરબાઝ ઉર્ફે ફિરોઝ અમીનભાઇ કાઝીને તિનપત્તીનો જૂગાર રમતાં ઝડપી લઇ રૂા. ૧૭૧૦૦ની રોકડ કબ્જે કરી છે. ડીસીબીના ઇન્સપેક્ટર એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં એએસઆઇ અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કનકસિંહ સોલંકી, કોન્સ. હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ ચાવડા, હેડકોન્સ. ધારાભાઇ વાનરીયા, રાજેશભાઇ જળુ, પીએસઆઇ ડોડીયા સહિતે આ દરોડા પાડ્યા હતાં.



### ક્રાઇમ બ્રાંચના મોરબી રોડની વાડીમાં, દૂધની ડેરી પાસે ઘરમાં દરોડાઃ ભક્તિનગર પોલીસે પણ ઘરમાંથી ત્રણને પકડ્યાઃ એક શખ્સ ક્રિકેટ સટ્ટો રમતાં હાથમાં આવી ગયો

જ્યારે કોઠારીયા રોડ ભવાની ચોક અંકુર સોસાયટી-૩માં રહેતાં ઇબ્રાહીમ ઓઢાભાઇ નોતીયાર નામના શખ્સના ઘરમાં ભક્તિનગર પોલીસે દરોડો પાડી તેને તથા ભરતવન સોસાયટીના હુશેન અનવરભાઇ શાહમદાર અને ન્યુ સાગર સોસાયટી-૮ના મહેબુબ દાદુભાઇ રાઉમાને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ ગંજીપાના અને રૂા. ૧૯૨૦ કબ્જે કરાયા હતાં. પીએસઆઇ જે. જે. ગોહિલ, હેડકોન્સ. રમેશભાઇ માલકીયા સહિતે દરોડો પાડ્યો હતો. તેમજ એરપોર્ટ ફાટકથી હનુમાન મઢી તરફ જતાં રસ્તે રૂપરેખા સલૂન સામે બગીચા પાસેથી હાર્દિક બટુકભાઇ ચંદારાણાને આઇપીએલના મેચ પર મોબાઇલમાં આઇડી રાખી જૂગાર રમતો હોઇ પીસીબીના દિલીપભાઇ બોરીચા, વિશાલભાઇ દવે સહિતે પકડી લઇ ૫ હજારનો મોબાઇલ ફોન કબ્જે કરી તપાસ હાથ ધરી હતી. પાંત્રીસ વર્ષનો આ શખ્સ યુનિવર્સિટી રોડ પર બોમ્બે હાઉસીંગ સોસાયટી-૧માં રહે છે. તે કોની પાસે કપાત કરાવતો હતો તેની તપાસ થઇ રહી છે.

---

# ભાજપમાંથી મેન્ડેડ મળેલ કાર્યકરો પાર્ટી સંગઠનની જવાબદારી નિભાવતા હશે તેઓએ આપવું પડશે રાજીનામુ

રાજકોટ, તા. ૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અત્યારથી જ હાલ ભાજપ સહિત રાજકીય પક્ષો પ્રચાર પ્રસારમાં વ્યસ્ત છે કારણ કે હવે ચૂંટણીને આડે માત્ર ત્રણ દિવસ જ બાકી છે અને શુક્રવાર સાંજથી પ્રચાર પ્રસાર પણ બંધ થઈ જશે ત્યારે લોકોમાં જે રોષ ભભૂકી ઉઠ્યો છે તેને નિવારવામાં હાલ ભાજપ તદ્દન નિષ્ફળ રહેશે અને ખાસ પ્રદેશ સંગઠન દરેક મુદ્દા નો જીણવટ પૂર્વક અભ્યાસ કરી રહ્યું છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ ભાજપના પ્રદેશ સંગઠનમાંથી તમામ જિલ્લા તથા મહાનગરપાલિકાના પ્રભારીને પ્રદેશ પ્રમુખે સૂચના આપી છે કે પાર્ટીના સંગઠનમાં જે કોઈ કાર્યકર્તા જવાબદારી સંભાળી રહ્યું હોય અથવા તો કાર્યકર્તા કે તેમના પરિવારના સભ્યોને ચૂંટણીમાં પાર્ટીએ મેન્ડેડ આપ્યું હોય તેવા તમામ કાર્યકરો પાસેથી તેમના રાજીનામાં લઈ લેવાશે અને ખાસ તેની એક સ્કેન કોપી પ્રદેશ કાર્યાલયને મોકલી આપવા માટેની પણ તાકીદ કરવામાં આવી છે.

આ પ્રકારના કાર્યકર્તાઓની યાદી પણ પ્રદેશ કાર્યાલય પર તાત્કાલિક આપવા આભારના જિલ્લા કે મહાનગરને મોકલાવવા ની સાથોસાથ તેનું ફોલોઅપ લેવા પણ જણાવવામાં આવ્યું છે. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ શહેર ભાજપમાંથી કિશન ટીલવા અને જિલ્લા ભાજપમાંથી ઘરે શહેરમાં કે જે ઘનશ્યામ હેરબાના ભાઈ છે તેમની પાસેથી પણ રાજીનામાં લઈ લેવાશે. ક્યા કારણોસર પ્રદેશ સંગઠન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો તેનો કોઈ જ મર્મ હજી સુધી સામે આવ્યો નથી. ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે હાલ પ્રચાર પ્રસારમાં પણ ઘણાખરા અંશે નીરસ્તા જોવા મળી રહી છે ત્યારે આજે સાંજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા રોડ શો યોજવામાં આવ્યો છે. ત્યારે હર્ષ સંઘવી દ્વારા શુભ ડેમેજ કંટ્રોલ કરવામાં આવશે કે કેમ ?

હાલના સાંપ્રત સમયમાં એ વાત સ્પષ્ટ છે કે આ વખતે ભાજપ અથવા કોંગ્રેસ કે પછી આમ આદમી પાર્ટી માટે ચૂંટણી અત્યંત મહત્વની પુરવાર થશે અને સરળતાથી જે જીતનો જશન બનાવવામાં ભાજપ તૈયાર હોય છે તે કદાચ નહીં જોવા મળે. પાર્ટીમાં આંતરિક વિખવાદની સાથોસાથ જુના ચૂંટાયેલા નગરસેવકોની નબળી કામગીરીના કારણે લોકોમાં ભારે નારાજગી વ્યાપી ઊઠી છે. સામે ટિકિટ વહેચણીનો મુદ્દો પણ હાલ ભાજપ માટે ખૂબ મોટો ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે રાજકોટ મહાનગર ની વાત કરવામાં આવે તો પ્રદેશ સંગઠન સીધું જ મોનિટરિંગ કરી રહ્યું હોય તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. ત્યારે પ્રદેશમાંથી જે નિર્ણય લેવામાં આવી રહ્યા છે તે પણ અત્યંત ચોંકાવનારા છે.

**પ્રદેશ ભાજપ સંગઠનનો આદેશ : કિશન ટીલવા તથા જિલ્લા ભાજપના હરેશ હેરભાના પણ રાજીનામાં લઈ લેવાશે**

---

## અવસાન નોંધ



રાજકોટ : સ્વ.બાબુભાઈ (ગુણવંતભાઈ) લાલજીભાઈ ગણાત્રા (જય સૌરાષ્ટ્ર પ્રેસ અકિલા દૈનિક), સ્વ.શાંતાબેન ગુણવંતરાય ગણાત્રાના પુત્રી, માનસી અભિજીત પારધીના માતુશ્રી ભાવનાબેન (ધારાબેન) દિપકકુમાર નાગ્રેચા તા.૨૧/૦૪/૨૦૨૬નાં મંગળવારે શ્રીજી ચરણ પામ્યા છે. તેઓ દિપકભાઈ દુર્લભજીભાઈ નાગ્રેચા (મુળ સાવરકુંડલા, હાલઃ રાજકોટ)નાં ધર્મપત્નિ, હર્ષદભાઈ દુર્લભજીભાઈ નાગ્રેચા (ભાવનગર), દિલીપભાઈ દુર્લભજીભાઈ નાગ્રેચા (દમણ)નાં નાના ભાઈનાં પત્ની, દિપ્તીબેન નટવરલાલ ગોંધીયા (લંડન), ભાવનાબેન વિપુલભાઈ ઠક્કર (ભાવનગર)નાં ભાભી, જલારામ જ્યોતના તંત્રી સુરેશભાઈ ગુણવંતરાય ગણાત્રા, અકિલાના મેનેજીંગ તંત્રી કિરીટભાઈ ગુણવંતરાય ગણાત્રા, અકિલાના ચીફ તંત્રી અજીતભાઈ ગુણવંતરાય ગણાત્રા, સ્વ.રાજુભાઈ ગુણવંતરાય ગણાત્રા, મીનાબેન હરીશભાઈ ચગ, ભારતીબેન લલિતભાઈ સવજાણી, સ્મિતાબેન સુનિલભાઈ રાયચુરાના બહેન અને અકિલાના એક્ઝિક્યુટીવ એડીટર અને અકિલાની વેબ એડીશનના એડીટર નિમીષભાઈ કિરીટભાઈ ગણાત્રા અને કિરણબેનનાં ફૈબા થતા હતા. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

આજે સાંજે ૫ થી ૬ પ્રાર્થનાસભા

સ્વ.ભાવનાબેન દિપકભાઈ નાગ્રેચાની પ્રાર્થનાસભા (પિયર અને સાસરીયા પક્ષની-ભાઈઓ અને બહેનોની) આજે તા.૨૩/૦૪/૨૦૨૬નાં સાંજે ૫ થી ૬ વચ્ચે રાષ્ટ્રીયશાળા મધ્યસ્થ હોલ ખાતે રાખી છે.

---

## ॥ સ્વર્ગવાસ - બેસણું ॥



**સ્વ. ગીતાબેન પ્રફુલભાઇ રૈયાણી**

(ગામ-ત્રંબા)

દિલગીરી સાથે જણાવવાનું કે પ્રફુલભાઇ અરજનભાઇ રૈયાણી ના ધર્મ પત્ની ઉમર વર્ષ ૪૨, સ્વ. ગીતાબેન પ્રફુલભાઇ રૈયાણી વી.સાવંત ૨૦૮૨ના ચૈત્ર વદ અમાસ, શુક્રવાર તા. ૧૭-૦૪-૨૦૨૬ નારોજ સ્વર્ગવાસ પામ્યા છે. અમે સર્વેની હૃદય થી પ્રાર્થના કે પ્રભુ તેમની આત્માને શાંતિ આપે

🙏🙏 બેસણુ: 🙏🙏

તારીખ - ૨૦-૦૪-૨૦૨૬ ને સોમવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી રાખેલ છે.

લિ.

લી. અરજણભાઈ રાજાભાઈ રૈયાણી
લી. કલ્પેશભાઈ અરજણભાઈ રૈયાણી
લી. પ્રફુલભાઇ અરજણભાઈ રૈયાણી

બેસણુ સ્થળ:
ખોડિયાર હોલ, મૈન બજાર, કસ્તૂરબાધામ ત્રંબા

🙏🙏 રૈયાણી પરિવાર ના જયશ્રી કૃષ્ણ 🙏🙏

જિંદગીનો સાથ વધુ ત્રણ લોકોએ છોડી દીધોઃ પરિવારોમાં કલ્પાંત

# મિત્રને ફોનથી જાણ કરી કર્યો આપઘાત!

## ચુનારાવાડના યુવાને રામવન પાસેની ખાણમાં પડતું મુક્યુંઃ બીજી ઘટનામાં પત્નિ રિસામણે ગયા બાદ દુઃખી રહેતાં લાખાજીરાજનગરના યુવાનનો લટકીને આપઘાતઃ ત્રીજી ઘટનામાં રોણકીના યુવાને ઝેર પી દુનિયા છોડી

રાજકોટ,તા.૨૨

આત્મહત્યાની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં ત્રણ યુવાને જિંદગીથી છેડો ફાડી લીધો હતો. એક યુવાને પોતાનો મગજ ભમતો હોવાથી ઘરેથી નીકળી જઇ રામવન પાસે જઇ મિત્રને ફોન કરીને પોતે આપઘાત કરી રહ્યો હોવાનું કહી મિત્રો આવી પહોંચતા તેની નજર સામે જ ખાણમાં કૂદીને મોત વ્હાલુ કર્યુ હતું. બીજા યુવાને પત્નિ રિસામણે ગયા બાદ ગુમસુમ રહેતો હોઇ અચાનક ગળાફાંસો ખાઇ મોત મેળવ્યું હતું. ત્રીજા બનાવમાં એક યુવાને અકળ કારણોસર ઝેર પી જિંદગીથી છેડો ફાડી લીધો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ચુનારાવાડ નજીક સિતારામ સોસાયટીમાં રહેતાં અને બકાલુ વેંચવા સાથે છુટક મજૂરી કરતાં યુવાને આજીડેમ ચોકડી નજીક રામવન પાસે ખાણમાં પડતું મુકી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. બકાલાની રિક્ષા લઇ રામવન પાસે પહોંચી મિત્રને ફોન કરી પોતે ખાણમાં પડી રહ્યાની વાત કરતાં ત્રણ-ચાર મિત્રો ત્યાં પહોંચ્યા હતાં. પણ તેની નજર સામે જ તેણે ઠેંકડો મારી દીધો હતો. રાજમોતી મીલ પાછળ સિતારામ સોસાયટીમાં રહેતાં રોહિત બાબુભાઇ કલાડીયા નામના એકવીસ વર્ષના દેવીપૂજક યુવાને આજીડેમ ચોકડી નજીક રામવનના રસ્તા પર આવેલી ખાણમાં પડતું મુકી આપઘાત કરી લીધો હતો.

આ ઘટનાની જાણ ૧૦૮ના ઇએમટી રમેશભાઇ મારફત થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. તેજલપાલસિંહ જે. સરવૈયા સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. ફાયર બ્રિગેડના સ્ટાફે મૃતદેહ બહાર કાઢતાં પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા મુજબ આપઘાત કરનાર રોહિત બે ભાઇ અને બે બહેનમાં બીજો હતો અને બકાલાની ફેરી કરવા સાથે છુટક મજૂરી કરતો હતો. તેના સગાના કહેવા મુજબ રોહિતની સગાઇ ચાર મહિના પહેલા હનુમાન મઢી પાસે છોટુનગર ઝૂપડપટ્ટીમાં રહેતી યુવતિ સાથે થઇ હતી. ગત રાતે દસેક વાગ્યે







રોહિત બકાલાની રિક્ષા લઇને નીકળ્યો હતો.

ત્યાર પછી તેણે એક મિત્રને પોતે રામવન પાસેની ખાણમાં કૂદીને આપઘાત કરી રહ્યો છે તેવી જાણ કરતાં આ મિત્ર પોતાની સાથે બીજા બે ત્રણ મિત્રોને લઇને ત્યાં પહોંચ્યો હતો. એ વખતે દૂરથી રોહિતને ખાણ પાસે જોતાં જ તેને બૂમો પાડી ખાણીથી પાછળ આવી જવા સમજાવ્યો હતો. એક મિત્રએ દોટ મુકી તેને પકડવા પ્રયાસ કર્યો હતો. પરંતુ બધાની નજર સામે જ તે કૂદી જતાં ડુબી જવાથી મોત થયું હતું. કેટલાક સમયથી મગજ ભમતો હોઇ આ પગલુ ભર્યાની શક્યતા છે. યુવાન દિકરાના મોતથી કલાડીયા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

બીજી આપઘાતની ઘટના જોઇએ તો ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગર-૯માં રહેતાં રવિભાઇ લાલજીભાઇ વાઘેલા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાને રાતે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી પીયુષભાઇ મારફત થતાં થોરાળા પોલીસ સ્ટેશનના એએસઆઇ જી. ડી. શિયાર સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રવિભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. સંતાનમાં છ મહિનાની દિકરી છે. પોતે કુરીયરનું કામ કરતો હતો અને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિભાઇના પત્નિ નમ્રતાબેન ચારેક દિવસ પહેલા કોઇ કારણોસર સામા કાંઠે માવતરે રિસામણે ગયા હતાં. ત્યારથી રવિભાઇ ગુમસુમ રહેતો હતો. ગઇકાલે તેના ભાઇ જયેશભાઇની સાળીના ચોટીલા ખાતે લગ્ન હોઇ પરિવારજનો ત્યાં ગયા હતાં. રાતે બધા પરત ઘરે આવ્યા ત્યારે રવિભાઇ લટકતો જોવા મળ્યો હતો. આ બનાવથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ છે.

જ્યારે દુનિયા છોડી દેવાની ત્રીજી ઘટનામાં માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ ૧૫૦ રીંગ રોડ પર રોણકી ગામમાં રહેતાં એક યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. રોણકીમાં આવેલા શ્યામ બંગલોઝ એ-૧૨માં રહેતાં પ્રિયાંગભાઇ હિતેષભાઇ પાંભર નામના સત્યાવીસ વર્ષના યુવાને સવારે પાંચેક વાગ્યે ઘરે હતો ત્યારે ઘઉંમાં રાખવાની ઝેરી દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જો કે સારવાર દરમિયાન મોડી રાતે પ્રિયાંગભાઇએ અંતિમ શ્વાસ લઇ લીધા હતાં.

આ બનાવની જાણ હોસ્પિટલના ડો. મિલાપ મશરૂ મારફત ગાંધીગ્રામ પોલીસને કરવામાં આવતાં હેડકોન્સ. મયુરસિંહ જી. જાડેજાએ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર પ્રિયાંગભાઇ બે ભાઇમાં નાનો હતો અને પરિણીત હતો. તે ગોપાલ નમકીનમાં નોકરી કરતો હતો. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તેનાથી હાલ પરિવારજનો અજાણ હોઇ અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદનની કાર્યવાહી કરશે. યુવાન દિકરાના આ પગલાથી પાંભર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કારણ જાણવા પોલીસ હવે પછી તપાસ કરશે. આમ ત્રણ પરિવારના ત્રણ જુવાનજોધ કંધોતર અલગ અલગ કારણે દુનિયા છોડી ગયા હતા.

# હોટલમાં વેલ્ડીંગ કામ કરતાં યુવાનનું વિજશોકથી મોત

## શીવનગરમાં યુવાને ફાંસો ખાઇ દુનિયા છોડી-સોની બજારમાં ચાનો થડો ચલાવતાં હતાંઃ દૂધની ડેરી પાસે રહેતાં રિક્ષાચાલકનું હ્દય દગો દઇ જતાં મોતઃ લોહાનગરના યુવાનનું બેભાન થતાં મોત

રાજકોટ,તા.૨૨

અપમૃત્યુના વધુ ત્રણ બનાવ બન્યા છે. જેમાં એક યુવાનનું વેલ્ડીંગ કામ કરતી વખતે કરંટ લાગવાથી મૃત્યુ થયુ છે. તો બીજા બનાવમાં એક યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. ત્રીજી ઘટનામાં એક પ્રૌઢનું હ્દય ધબકારા ચુકી જવાને કારણે તેની જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી. ચોથા બનાવમાં એક યુવાનનું બેભાન હાલતમાં મોત થયું હતું.

વિગતો જોઇએ કોઠારીયા રોડ ૫૦ ફુટ રોડ સુતા હનુમાન મંદિર નજીક પરસાણાનગર-૫માં રેહતો લાલશા ઉર્ફે સાહિલ નનકુશા નામનો એકવીસ વર્ષનો યુવાન સવારે આઠેક વાગ્યે ત્રિકોણ બાગ નજીક હોટેલ પાર્ક ન્યુ ખાતે વેલ્ડીંગ કામની મજૂરી કરવા આવ્યો હોઇ અહિ કામ કરતી વખતે કોઇનો ફોન આવતાં વાત કરતો હતો તે વખતે અચાનક હાથમાં ઇલેક્ટ્રીક વાયર હોઇ તેમાંથી કરંટ લાગતાં બેભાન થઇ ઢળી પડ્યો હતો.



તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર લાલશા મુળ યુપીનો વતની હતો અને ચાર ભાઇ તથા બે બહેનમાં નાનો અને અપરિણીત હતો. તે સાગર ફેબ્રીકેશનમાં મજુરી કરતો હોઇ ત્યાંથી હોટેલ ખાતે કામ કરવા આવ્યો ત્યારે બનાવ બન્યો હતો.

બીજી ઘટનામાં કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી નજીક શિવનગરમાં રહેતાં કાળુભાઇ મછાભાઇ સિંધવ નામના બેતાલીસ વર્ષના યુવાને સવારે છતના હુકમાં ચુંદડી બાંધકી ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનારા કાળુભાઇ ચાર ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે સોની બજારમાં નકલંક ટી સ્ટોલ નામે વેપાર કરતાં હતાં. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ તપાસ યથાવત રાખવામાં આવી હતી.

ત્રીજા બનાવમાં દુધ સાગર રોડ પર મંદિરવાળી શેરીમાં સાગર ચોકમાં રહેતાં કિરીટભાઇ ગાજીભાઇ રાઠોડ નામના છપ્પન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર કિરીટભાઇ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથી ઘટનામાં ગોંડલ રોડ લોધેશ્વર સોસાયટીમાં રહેતાં બેતાલીસ વર્ષના યુવાન કિશોરભાઇ શંકરભાઇ ઝરીયા નામના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. તે ત્રણ બહેન અને દસ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

ફેસબૂકથી ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી ફ્રેન્ડશીપ-લવશીપનું નાટક કરી જાળ બીછાવી

# આધેડને હનીટ્રેપમાં ફસાવી પંદર લાખ પડાવ્યા

રાજકોટઃ આજના યુગમાં સોશિયલ મિડીયા થકી કે પછી બીજી રીતે રૂબરી મળીને યુવાનોને ફ્રેન્ડશીપની જાળમાં ફસાવી હનીટ્રેપની જાળમાં લઇ લેવામાં આવે છે અને બ્લેકમેઇલ કરી લાખો રૂપિયા પડાવી લેવામાં આવે છે. સોશિયલ મિડીયાનો સારો ઉપયોગ સૌ કોઇ જાણે છે પરંતુ તેનો ખોટો દુરૂપયોગ કરનારા પણ ઓછા નથી. એક આધેડ સાથે હનીટ્રેપ કરી રૂપિયા પડાવી લેવાયા છે. ફેસબૂક થકી આ આધેડને ગેંગની યુવતિએ ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી હતી. એ પછી પ્રેમજાળ બિછાવી લગ્નની લાલચ આપી હતી અને મળવા બોલાવી બદનામ કરવાની ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી દઇ પંદર લાખ પડાવી લીધા હતાં.

લાલબત્તી સમાન આ ઘટના અમદાવાદ ઓઢવમાં બની છે. અહિ પડોશીએ મહિલાનું ફેક આઇડી બનાવીને આધેડને હનીટ્રેપમાં ફસાવીને પંદર લાખ પડાવ્યા હતા. જેમાં મહિલાના નામે વાત કરીને પોતે મુંબઇમાં મોડેલિંગ કરતી હોવાની કહી લગ્નની લાલચ આપી લાઇટમાં દુબઇ જવાના તથા અન્ય બહાના બતાવીને રૂપિયા પડાવ્યા હતા. જો કે આઇડી પુરુષ ઉપયોગ કરતો હોવાની શંકા ગઇ હતી તેમજ રૂપિયા પડોશીને આપેલા હતા. જેથી પડોશીને વાત કરતા તેઓએ ખોટા ફસાવી બદનામ કરી મારી નાંખવાની ધમકી આપી હતી. ઓઢવ પોલીસે ગુનો નોંધી ત્રણની ધરપકડ કરી હતી.

વધુ માહિતી મુજબ ઓઢવમાં રહેતા અડતાલીસ વર્ષના નિમેષભાઇએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા સરબતજીસિંગ અને રણવીરસિંગ તથા સુનિલ સામે ફરિયાદ નોંધાવી છે કે ત્રણ વર્ષ પહેલા મોબાઇલ ફેસબુકમાં નિરજુ નકરમી નામની મહિલાની ફ્રેન્ડ રિકવેસ્ટ સ્વીકારતા બંને વચ્ચે વાતો શરૂ થઇ હતી. મહિલાએ પોતે મુંબઇમાં મોડલિંગનો ધંધો કરે છે અને પતિ સાથે ડિવોર્સ થયેલ હોવાનું



આધેડ જેને યુવતિ સમજી વાતો કરતાં હતાં તે પુરૂષ નીકળ્યોઃ લગ્નની લાલચ આપી મળવા બોલાવી ખેલ પાડ્યોઃ હકિકત સામે આવતાં આધેડ હક્કાબક્કા થઇ ગયાઃ પોલીસે કરી કાર્યવાહી

જણાવી યુવક સાથે લગ્ન કરવાનું કહીને વિશ્વાસ કેળવ્યો હતો. અને મુંબઇથી દુબઇ જવાનું જણાવીને લાઇટની ટિકીટ માટે રૂપિયા પંદર હજાર માગ્યા હતા જે રૂપિયા યુવકે તેના ફેસબુક મિત્ર અને સોસાયટીમાં રહેતા શખ્સ સરબજીતસિંગને આપ્યા હતા.

ત્યારબાદ ફેસબુક ઉપર મહિલાએ લગ્ન કરવાનું કહીને અલગ અલગ બહાના બતાવીને યુવક પાસેથી કુલ રૂપિયા પંદર લાખ પડાવી લીધા હતા. તેમ છતા વધુ રૂપિયાની માંગણી ચાલું રાખતા મહિલાએ બ્લોક કરવાની અને ખોટા રેપ કેસમાં ફસાવવાની ધમકી આપીને ગાળો બોલી હતી. જેથી યુવકને આ વાત કરનાર મહિલા નહી પરંતુ પુરૂષ હોવાની શંકા જતા તપાસ કરતા ગુગલ પેમાં ચેક કરતા સુનિલ નામ આવતું હતું તેમજ વધુ તપાસ કરતા પડોશીઓએ ભેગા મળીને નિરજુ નામની ફેક આઇડી બનાવીને રૂપિયા પડાવ્યા હોવાનું બહાર આવતાં તેઓને વાત કરતા બદનામ કરી દેવાની અને મારી નાખવાની ધમકી આપી હતી.

આમ વધુ એક વખત હનીટ્રેપના ઓઠા તળે ટોળકીએ તોડ કરી લીધી હતો. અવાર-નવાર આવી નવી નવી ટોળકીઓ યુવાનો, વૃધ્ધો, વેપારીઓને આ રીતે સોશિયલ મિડીયાથી ફસાવીને પ્રેમના ખેલ કરી તોડ કરે છે. મળવા બોલાવી મળતીયાઓને પોલીસના સ્વાંગમાં દરોડો પાડવાનું કહી વિડીયો ઉતારી બ્લેકમેઇલ કરી રૂપિયા ખંખેરાય છે. આ કિસ્સામાં પણ સોશિયલ મિડીયાથી આધેડને ફસાવી પંદર લાખ પડાવી લેવાયા હતાં. ટોળકીને ઝડપી લેવા પોલીસ તપાસ કરી રહી છે.

ગુનેગાર ગમે એવો શાતીર હોય એક દિવસ પોલીસના હાથ તેના સુધી પહોંચી જ જાય

# નકલી પોલીસ બની લૂંટ કરીઃ દસકા પછી ઝડપાયો

## રાજકોટ પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે આરોપીને પકડી તાલુકા પોલીસે સોંપ્યોઃ બીજી તરફ પાસાની ઝુંબેશ યથાવતઃ વધુ એક બૂટલેગર ગયો જેલમાં

રાજકોટ,તા.૨૨

જુની હિન્દી ફિલ્મો જોઇએ ત્યારે તેમાં જો પોલીસને લગતી કાર્યવાહી હોય તો તરત એવો ડાયલોગ સાંભળવા મળે કે કાનૂન કે હાથ લંબે હોતે હૈ. આ ડાયલોગ મુજબ હાલની પોલીસ અવાર-નવાર કામગીરી કરીને ખરા અર્થમાં આ વાતને સાચી ઠેરવતી રહે છે. ગુનેગારો ગમે એટલા શાતીર હોય તે ગુનો કરીને ભાગી ગયા પછી ધરતીના કોઇપણ છેડે હોય પોલીસ તેને એક દિવસ પકડી જ લેતી હોય છે. રાજકોટ શહેર પોલીસની પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે આવા જ એક ગુનેગારને દબોચ્યો છે. પોલીસનો સ્વાંગ ધરી અપહરણ કરી લૂંટ કરનારાને એક દસકા પછી પકડી લેવાયો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના અલગ અલગ ગુનાઓમાં નાસતા-ફરતા તેમજ પેરોલ જમ્પ થયેલા આરોપીઓને પકડવા માટે ઉચ્ચ અધિકારીઓની ખાસ સુચના હોઇ પેરોલ ફરલો સ્કવોડે રાજકોટના એક ગંભીર ગુનામાં સામેલ શખ્સ છેલ્લા એક દસકાથી એટલે કે સતત દસ વર્ષથી ફરાર હોઇ તેને શોધીને ઝડપી લીધો છે. પોલીસની ખોટી ઓળખ આપી આ શખ્સ રૂપિયાની લૂંટ કરવાના અને અપહરણના ગુનામાં આ શખ્સ સામેલ હતો.

આ શખ્સને તાલુકા પોલીસની ટીમ અવાર-નવાર શોધવા માટે મહેનત કરતી હતી. પેરોલ ફરલો સ્ક્વોડની ટીમ પણ તેને શોધી રહી હતી પરંતુ તે હાથમાં આવતો નહોતો.

આ દરમિયાન પેરોલ ફરલો સ્ક્વોડની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે વર્ષ ૨૦૧૬માં રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોલીસની ખોટી ઓળખ આપી અપહરણ





કરી મારકુટ કરી રૂા. ૩૫,૦૦૦ની લૂંટ ચલાવવાના ગુનામાં ફરાર શખ્સ ઉમેશ ઉર્ફે અમિત વાલમજીભાઇ સંઘાણી હાલ રાજકોટમાં આવ્યો છે. આ બાતમીને આધારે તેને પકડી લઇ તાલુકા પોલીસને સોંપાયો હતો. પાંત્રીસ વર્ષનો આ શખ્સ ગંગોત્રી પાર્ક, મેઇન રોડ ફ્લોરા યુનિક બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૦૧ પ્રથમ માળ રૈયાથી આગળનું એડ્રેસ ધરાવે છે. તેણે ગુનો આચર્યો ત્યારે તે પચ્ચીસ વર્ષનો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આ શખ્સે લૂંટ ચલાવવા ઉપરાંત વધુ ૫૦ હજારની માંગણી પણ કરી હતી. તેના વિરૂધ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં જે તે વખતે આઇપીસી કલમ ૩૬૫, ૩૯૪, ૩૨૩, ૧૭૦, ૫૦૬ (૨), ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ શખ્સ પોતાને પોલીસ શોધતી હોવાથી અલગ અલગ ગામ શહેરમાં ફરતો રહેતો હતો અને છુટક કામ કરતો હતો. હાલ તે અંગત કામ માટે રાજકોટ આવ્યાની બાતમી મળતાં જ દબોચી લેવાયો હતો. સતત દસ વર્ષ સુધી ફરાર રહેલા આ શખ્સ સુધી અચાનક પોલીસ પહોંચી જતાં તે હક્કો બક્કો થઇ ગયો હતો.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પેરોલ ફરલો સ્ક્વોડના પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. બી. ધાસુરા, એએસઆઇ ઝહીરખાન ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઇ ચાનીયા, રોહિતભાઇ કછોટ, અંકિતભાઇ નિમાવત, કોન્સ. અમીનભાઇ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા, ડ્રા. કોન્સ. દોલતસિંહ રાઠોડ સહિતની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે કરી હતી.

બીજી તરફ ગુનેગારોને પાસામાં ધકેલવાની ઝુંબેશ આગળ વધી ગઇ છે. વધુ એક બૂટલેગરને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસા તળે જેલમાં ધકેલી દીધો છે. મુળ સુરેન્દ્રનગરના લીંબડી તાબેના ભોયકા ગામના અને હાલ સહકાર રોડ કલ્યપાનગર-૧માં રહેતાં ત્રીસ વર્ષના મહિપાલસિંહ લખધીરસિંહ ઉર્ફે લાખુભા ઝાલાને પાસા તળે પોરબંદર જેલ હવાલે કરવામાં આવેલ છે. જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાના માર્ગદર્શનમાં ક્રાઇમ બ્રાંચે દરખાસ્ત તૈયાર કરી હતી જે પોલીસ કમિશનર દ્વારા મંજુર થઇ હતી.

આ શખ્સ વિરૂધ્ધ ડીસીબી, ભક્તિનગર, લોધીકા પોલીસમાં દારૂના અલગ અલગ પાંચ ગુના અગાઉ નોંધાયા હતાં. પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, એએસઆઇ ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઇ મેણીયા, અમિતભાઇ અગ્રાવત, હેડકોન્સ. સુભાષભાઇ ઘોઘારી, કનકસિંહ સોલંકી, કોન્સ. હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ ચાવડાએ વોરન્ટ બજવણી કરી હતી. આમ વધુ એક ગુનેગારને પોલીસે પાસા તળે જેલભેગો કર્યો હતો.

### વ્યાજંકવાદને ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે વધુ બે ચોંકાવનારી ઘટના

# યુવાનને વ્યાજખોરની ખૂનની ધમકી, એક પરિવારની હિજરત

## ખેડુતે મકાન રિનોવેશન માટે ૪ લાખ લઇ ૨૩ લાખ દીધા છતાં વધુ ૨૨ લાખ માંગી સતત ધમકીઓઃ બીજા બનાવમાં બહેનના લગ્ન માટે ૫ લાખ લઇ ૨૧ લાખ દીધા તો'ય બીજા ૨૨ લાખ માંગી હેરાન કરતાં પરિવારે કરી હીજરત

રાજકોટ,તા.૨૨

વ્યાજંકવાદને ડામવા સરકાર પોલીસ સતત પ્રયત્ન કરે છે. તેના ભાગ રૂપે સમયાંતરે અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં વ્યાજખોરીની ફરિયાદો કરવા માટેના લોક દરબાર પણ યોજવામાં આવે છે અને આવા લોક દરબારમાં ભોગ બનેલા લોકોને સાંભળી પોલીસ તત્કાળ કાર્યવાહી કરે છે. ફસાયેલા લોકોને સસ્તા દરની બેંકમાંથી લોન પણ પોલીસ સ્ટેશન ખાતે જ લોનમેળા યોજીને અપાય છે. જો કે આમ છતાં આ દૂષણને ડામી શકાતું નથી તે હકિકત છે. વધુ બે વ્યાજખોરીના ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં ખેડૂતે ચાર લાખ સામે ત્રેવીસ લાખ જેવી રકમ ચુકવી દીધી છતાં વધુ બાવીસ લાખ માંગી ખૂનની ધમકી અપાઇહતી. બીજી ઘટનામાં દસ લાખ સામે એકવીસ લાખ ચુકવ્યા છતાં એક યુવાન પાસે બે વ્યાજખોરોએ વધુ બત્રીસ લાખની આકરી ઉઘરાણી કરતાં યુવાન અને તેનો પરિવાર હીજરત કરવા મજબૂર થયા છે.

પ્રથમ ઘટના જોઈએ તો નડીયાદના કપડવંજ ના ખેડુતે મકાનના રીનોવેશન માટે રૂપિયા ચાર લાખ વ્યાજે લીધા હતા.જે બાદ શખ્સે ૪ માસ ૧ ટકા વ્યાજ લીધું બાદમાં ૩૦ ટકા સુધી લઈ જઈ કુલ રૂ ૨૨.૯૩ લાખ વસુલી બીજા રૂ ૨૨ લાખ હિસાબ મુજબ બાકી નીકળતા હોવાનું કહી ધમકી આપી હતી.આ બનાવ અંગે કપડવંજ ટાઉન પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. કપડવંજના કરકરીયામાં રહેતા પરેશભાઇ પટેલએ અઢી વર્ષ પહેલા માર્ચ માસમાં મકાન રીનોવેશન કામ કરવાનું હોવાથી લાલતેલીના મુવાડાના રાહુલ વાદી પાસે રૂ ૪ લાખ એક ટકા વ્યાજે લીધા હતા. આ બાદ રાહુલે ચાર માસ બાદ વ્યાજ વધારવાનું શરૂ કરી છેલ્લા ત્રીસ ટકા વ્યાજ લીધુ હતુ.

આ દરમિયાન યુવકે વ્યાજની રકમ ઓનલાઇન ચૂકવી આપી હતી.જેમાં ખેડૂતના ખાતામાંથી રૂ ૧૦.૫૭ લાખ અને પિતાના ખાતામાંથી રૂ ૨.૮૩ લાખ અને અન્ય રીતે રૂ ૯.૨૭ લાખ મળી કુલ રૂ ૨૨.૯૩ લાખ ચૂકવી આપ્યા




હતા.તેમ છતાં રાહુલ ખેડૂત પાસેથી રૂ ૪ લાખની રકમ ચક્રવૃદ્ધિ વ્યાજ ગણી વધારો કરતા હતા. દરમિયાન રાહુલ કપડવંજ તાલુકા પંચાયત પાસે મળતા ખેડુતને કહ્યું હતુ કે તમારે હજી રૂ ૨૨ લાખની રકમ આપવાની છે,જેથી ખેડૂતે કહ્યું હતુ કે રૂ ૪ લાખની રકમનુ આટલુ બધુ વ્યાજ લીધુ છે તો પછી બીજા રૂ ૨૨ લાખની રકમ કાઢી છે કહેતા અપશબ્દો બોલી મારા હિસાબ મુજબ રૂ ૨૨ લાખની રકમ આપીશ નહી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત રાહુલે ખેડુતના નામ પર રૂપિયા ૪૫ હજારનો મોબાઇલની લોન પડાવી લીધો હતો. આ બનાવ અંગે પરેશ ભીખાભાઇ પટેલે કપડવંજ ટાઉન પોલીસ મથકે રાહુલ વાદી સામે ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમ અન્વયે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. બીજી ઘટના બાવળા ગામની છે. અહિ રૂષીનગર સોસાયટીમાં રહેતા અને ફાર્મા કંપનીમાં નોકરી કરતા અમિતભાઈ મગનલાલ પુરબિયાએ બે વ્યાજખોરો વિરુદ્ધ બાવળા પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોતાની બહેનના લગ્ન પ્રસંગે લીધેલી રકમ સામે બમણી રકમ ચૂકવી દીધી હોવા છતાં, માથાભારે ઈસમોએ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ઘર ખાલી કરાવવા સુધીનું દબાણ કર્યું હતું. પાંચ વર્ષ પહેલા અમિતભાઈએ બહેનના લગ્ન માટે ગૌતમ તીરગર ઉર્ફે ગઠન દાદા પાસેથી ૧૦ ટકા વ્યાજે ૫ લાખ રૂપિયા લીધા હતા.

આ દેવું ઉતારવા માટે તેમણે ગૌરાંગ ચૌહાણ પાસેથી બીજા ૫ લાખ લીધા. અમિતભાઈએ અત્યાર સુધીમાં બંનેને મળીને અંદાજે ૨૧.૨૭ લાખ રૂપિયા ચૂકવી દીધા છે. તેમ છતાં ગઠન દાદા ૨૨ લાખ અને ગૌરાંગ ૧૦ લાખની વધુ ઉઘરાણી કરી રહ્યો છે. ફરિયાદ મુજબ આ વ્યાજખોરોએ સિક્યુરિટી પેટે એટીએમ કાર્ડ, ચેકો અને મમ્મી-ભાઈની બળજબરીથી સહીઓ કરાવી લીધી છે.

ગઠન દાદા અને તેના માણસોએ અગાઉ વૈષ્ણવદેવી સર્કલ પાસે છરી અને લાકડીઓ વડે હુમલો પણ કર્યો હતો. વ્યાજખોરોના ત્રાસથી કંટાળી પરિવાર ઘર છોડી અમદાવાદ રહેવા જતો રહ્યો હોવા છતાં ત્યાં પણ ધમકીઓ આપવાનું ચાલુ રાખતા આખરે પોલીસનો આશરો લેવામાં આવ્યો છે. આ માથાભારે શખ્સો વિરુદ્ધ આ ફરીયાદ આપ્યા બાદ આ લોકો અમને નુકશાન પહોચાડશે જ અથવા તો અમારે અમારૂ ઘર છોડી અન્ય જગ્યાએ હિજરત કરવી જ પડશે. નહિતર આ લોકો અમને જીવવા નહી દે. જેથી અમને પોલીસ રક્ષણ આપવામાં આવે. તથા અમારા પરિવારના લોકો ભવિષ્યમાં આ લોકોની હેરાનગતિના કારણે નાછુટકે સામુહિક આત્મહત્યા જેવું કોઇ પગલાં ભરીએ તો તેના જવાબદાર બંન્ને ઇસમો રહેશે. બાવળા પોલીસે ૨ શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ વધુ બે વ્યાજખોરીના ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા હતા.

### વિધવા માતાનો આધારસ્તંભ એકનો એક દિકરો છીનવાઇ જતાં શોકની કાલીમા

# નાસ્તો કરવા ઉભેલા યુવાનની હત્યા

## મોરબીના યુવાન પર અણીયારી ટોલનાકા પાસે અજાણ્યા શખ્સો છરીથી તૂટી પડ્યાઃ સારવારમાં દમ તોડ્યોઃ વચ્ચે પડેલો મિત્ર પણ ઘાયલ થયોઃ પૈસાની લેતીદેતી કારણભુત બન્યાની શક્યતાઃ હત્યારાઓને શોધવા પોલીસ કામે લાગી





રાજકોટ,તા.૨૨

કાળઝાળ ગરમીમાં લોકોના મગજ પણ નાની નાની વાતે તપી જાય છે અને આ કારણે મારામારી સહિતના બનાવો બનતા રહે છે. દરમિયાન હત્યાની વધુ એક ઘટના બની છે જેમાં મોરબીના યુવાનને તેના મિત્રની નજર સામે જ અણીયારી ટોલનાકા નજીકની હોટલ પાસે છરીના ઘા મારી દેવામાં આવતાં તેની લોથ ઢળી ગઇ છે. વચ્ચે પડેલા મિત્રને પણ હુમલાખોરોએ ઘા મારી દેતાં તે સારવાર હેઠળ છે. પૈસાની લેતીદેતી મામલે આ હત્યા થયાની પ્રાથમિક વિગતો ખુલી હોઇ પોલીસે હત્યારાઓને શોધવા અને સાચુ કારણ બહાર લાવવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો મોરબી રહેતાં એક યુવાન અને તેના મિત્ર પર રાત્રીના માળીયા-હળવદ વચ્ચેના રસ્તે અણીયારી ટોલનાકા નજીક આવેલી હોટેલ પાસે અજાણ્યા શખ્સો છરીથી હુમલો કરી ભાગી જતાં મોરબીના યુવાનનું મોત થયું છે. જ્યારે તેના મિત્રને સારવાર માટે દાખલ કરાયો છે. મુળ મોરબી જેતપરનો અને હાલ મોરબીમાં રહેતાં યુવાનની હત્યા કોણે અને શા માટે કરી? તે અંગે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વધુ માહિતી અનુસાર મોરબીના મહેન્દ્રનગરમાં પ્રભુકૃપા રેસીડેન્સીમાં રહેતો અઠ્ઠાવીસ વર્ષનો પટેલ યુવાન અનિલ હરિલાલ કંડીયા રાત્રીના અગીયારેક વાગ્યે પોતાના મિત્ર મોરબી રહેતાં સત્યાવીસ વર્ષિય વિવેક વેલજીભાઇ અઘારા સાથે અણીયારી ટોલનાકા નજીક આવેલી ધૈર્ય હોટેલ ખાતે નાસ્તો કરવા આવ્યો હતો. આ વખતે અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતાં અને અનિલને પડખા, સાથળમાં છરીના ઘા મારી દીધા હતાં. મિત્ર પર હુમલો થતાં વિવેક અઘારા તેને બચાવવા વચ્ચે પડતાં તેને પણ પડખામાં છરી ભોંકી દેવાઇ હતી. દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં.

આ પછી લોહીલુહાણ હાલતમાં બંને મિત્રોને સારવાર માટે મોરબી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી અનિલને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સવારે તેણે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. વધુ વિગતો જોઇએ તો હત્યાનો ભોગ બનનાર અનિલ કંડીયા એક બહેનથી નાનો અને અપરિણીત હતો. તેની બહેનના લગ્ન થઇ ગયા છે. અનિલના પિતા હયાત નથી. પિતાએ પાંચેક વર્ષ પહેલા કલેશને કારણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

મોરબીના જેતપરનો મુળ વતની અનિલ હાલ મહેન્દ્રનગર મોરબી ખાતે રહેતો હતો. તે ખેતી કરવા ઉપરાંત ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. બનાવની જાણ થતાં અનિલના કાકા રાજેશભાઇ કંડીયા સહિતના રાજકોટ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. યુવાન દિકરાની હત્યાની ખબર પડતાં પટેલ પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે માળીયા મિંયાણા પોલીસને જાણ કરતાં ફરિયાદ નોંધવા તજવીજ શરૂ કરવામાં આવી હતી. હત્યાનો ભોગ બનેલા અનિલના કાકા રાજેશભાઇએ જણાવ્યું હતું કે અનિલની હત્યા કોણે અને શા માટે કરી? તેની અમને જાણ નથી. અનિલ અને તેનો મિત્ર વિવેક રાતે અણીયારી ટોલાનાકા પાસેની હોટલે નાસ્તો કરવા ગયા ત્યારે બંને પર હુમલો થયો હતો. જેમાં અનિલનું મોત થયું હતું. પૈસા મામલે અનિલને કોઇ સાથે માથાકુટ હોવાની ચર્ચા હોઇ પોલીસે તપાસ હાથ ધરી છે. હત્યાની આ ઘટનાથી મોરબી-માળીયા મિંયાણા પંથકમાં ચકચાર જાગી હતી. પોલીસે ટીમો બનાવી સીસીટીવી ફૂટેજને આધારે અને મોબાઇલ ફોનમાં થયેલી વાતચીતને આધારે નંબરો મેળવી હત્યારાઓ સુધી પહોંચવા મહેનત શરૂ કરી છે.

### યુવાનના હાથમાંથી માંસનો લોચો નીકળી ગયોઃ બાબરાથી સારવાર માટે રાજકોટ ખસેડાયો

# જુના મનદુઃખમાં જામી પડીઃ કાકાએ ભત્રીજાને ઝીંક્યું ધારીયુ



રાજકોટ,તા.૨૨

મારામારીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. નવા જુના મનદુઃખ કે પછી બીજી માથાકુટને કારણે બબાલ થતી રહે છે. દરમિયાન એક બનાવમાં લગ્ન પ્રસંગમાં સામેલ થયેલા યુવાન પર જુના મનદુઃખને કારણે તેના કુટુંબી કાકા ધારીયાથી તૂટી પડતાં હાથમાં ગંભીર ઇજા થતાં તેને સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. બાબરામાં બનેલી આ ઘટના બારામાં પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.

વિગતો જોઇએ તો અમરેલીથી પંદરેક કિલોમીટર દૂર આવેલા બાબરા તાબેના દેવરાજીયા ગામના યુવાન પર બાબરાના બસ સ્ટેશન પાસે લાઠીના દુધાલાબાઇ ગામે રહેતાં તેના કુટુંબી કાકાએ ધારીયાથી હુમલો કરી ઘા મારી દેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. આ યુવાન ભાઇ સાથે બાબરા ખાતે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હતો. જુના મનદુઃખનો ખાર રાખી કુટુંબી કાકા તૂટી પડ્યાનું જણાવાયું હતું. જાબાબરાના દેવરાજીયા ગામે રહેતો મુળ દુધાલાબાઇ ગામનો વતની ચોવીસ વર્ષનો વિશાલ બધાભાઇ ગોહેલ બાબરામાં નાના બસ સ્ટેશન પાસે હતો ત્યારે તેના કુટુંબી કાકા મધુભાઇ જગાભાઇ ગોહેલ ધસી આવી ધારીયાથી હુમલો કર્યો હતો.

વિશાલે માથામાં થઇ રહેલો ધારીયાનો ઘા રોકવા હાથ આડો રાખતાં હાથમાં ગંભીર ઇજા થઇ હતી. તેમજ વાંસામાં પણ ઇજા પહોંચી હતી. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોર મધુભાઇ ભાગી ગયો હતો. વિશાલને લોહીલુહાણ હાલતમાં બાબરાની હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને જાણ કરી હતી. પીએસઆઇ કે. એસ. ડાંગરે વિશાલની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. વિશાલ બે ભાઇ અને એક બહેનમાં નાનો અને પરિણીત છે. તેને સંતાનમાં એક દિકરો છે. પોતે કડીયા કામ કરી ગુજરાન ચલાવે છે.

વધુ માહિતી અનુસાર વર્ષ ૨૦૨૨માં વિશાલને કુટુંબી કાકા મધુભાઇ સાથે માથાકુટ થઇ હતી. ત્યારે સામ-સામી ફરિયાદ થતાં વિશાલ જેલમાં પણ ગયો હતો. એ પછી વિશાલના કુટુંબી કાકી એટલે કે મધુભાઇના પત્નિએ આપઘાત કરતાં કાકા મધુભાઇ સતત વિશાલને સતત એવુ કહેતાં કે તારા કારણે મારી ઘરવાળીનું મૃત્યુ છે, તને તો મારી જ નાખવો છે. આ વાતે મનદુઃખ ચાલતું હોઇ ગઇકાલે બંને લગ્ન પ્રસંગમાં બાબરામાં ભેગા થઇ જતાં માથાકુટ થઇ હતી. પોલીસે હુમલાખોરને ઝડપી લેવા તજવીજ કરી હતી.

### ગામ હોય તો અનેક ગઠીયા પણ હોયઃ ચેતતા રહોઃ વધુ બે ઠગાઇ

# પીએમ આવાસના નામે મહિલાને પોણા દસ લાખનો ચૂનો

## બીજી ઘટનામાં સસ્તામાં સોલાર ફીટ કરી દેવાના નામે લેભાગુએ બે લાખ કટકટાવી માથે જતાં મહિલાને ધમકી પણ દીધી!

રાજકોટ,તા.૨૨

ગઠીયાગીરી કરીને પોતાના ગજવા ભરતાં લેભાગુ ગઠીયાઓ રોજ ઉઠીને પોતાનો શિકાર સરળતાથી શોધી લેવામાં સફળ થઇ રહ્યા છે. લોકો લાલચમાં આવી જતાં હોવાથી ગઠીયાઓ માટે તેને છેતરવાનું ખુબ સરળ થઇ પડે છે. વધુ એક વખત આવાસના નામે ઠગાઇ થઇ છે. જેમાં એક મહિલા અને તેના સગાઓને વિશ્વાસમાં લઇ પ્રધાનમંત્રી આવાસના નામે પોણા દસ લાખનો ચૂનો લગાવી દેવાયો છે. બીજી ઘટનામાં સોલાર પેનલ સસ્તામાં ફીટ કરી દેવાના નામે ગઠીયાએ બે લાખની છેતરપીંડી કરી લીધી છે.

પ્રથમ ફ્રોડની ઘટના જોઇએ તો સુરતના ડિંડોલી અને લિંબાયત વિસ્તારમાં છેતરપિંડીના બે કિસ્સાઓ સામે આવ્યા છે. એક તરફ -ધાનમંત્રી આવાસ યોજનામાં ઘર અપાવવાના બહાને ૯.૭૦ લાખની ઠગાઈ થઈ છે. તો બીજી તરફ ઘરના ધાબે સોલાર પેનલ લગાવવાના નામે એક મહિલા પાસેથી ૨ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. આ બંને કિસ્સાઓમાં વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડીની ફરિયાદ પોલીસ ચોપડે ચડતાં તપાસ શરૂ થઇ છે. પોલીસે કહ્યું કે આ મામલે લિંબાયત પોલીસ મથકે એફઆઇઆર દાખલ થઇ છે. ફરિયાદ મુજબ ડિંડોલીમાં રહેતા મયુર પાટીલ નામના શખ્સે પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે મોટું કૌભાંડ આચર્યું છે.

વધુ વિગત મુજબ ગોડાદરા વિસ્તારમાં રહેતા હિરાદેવી પૌનીકર અને તેમના સંબંધીઓને વિશ્વાસમાં લઈને આરોપીએ પોતાની ઝેરોક્સની દુકાન પરથી ઠગાઈની જાળ બિછાવી હતી. તેણે દાવો કર્યો હતો કે તે સરકારી પ્રક્રિયા




દ્વારા સસ્તા આવાસ અપાવી શકે છે. આ લાલચમાં આવીને ગરીબ મધ્યમ વર્ગીય પરિવારોએ પોતાની મહેનતની કમાણી આરોપીના હાથમાં સોંપી દીધી હતી. આરોપી મયુર પાટીલની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ ચાલાકીભરી હતી.

તેણે ફરિયાદી હિરાદેવી પાસેથી ૧.૬૦ લાખ, તેમના ભાઈ જયરામ પાસેથી ૪.૮૦ લાખ અને અન્ય સંબંધીઓ પાસેથી મળી કુલ ૯.૭૦ લાખ રૂપિયા વસૂલ્યા હતાં. આ રકમ લીધા બાદ લોકોને શંકા ન જાય તે માટે તેણે ખોટી રસીદો પણ પધરાવી દીધી હતી. જ્યારે પણ લોકો મકાન વિશે પૂછતા ત્યારે તે ઁ-ક્રિયા ચાલુ છેઁ તેમ કહીને સમય પસાર કરતો હતો. અંતે, કોઈ પરિણામ ન મળતા ભોગ બનનાર પરિવારોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

ઠગાઇની બીજી ઘટના ડિંડોલીની સાઈ દર્શન સોસાયટીમાં બની છે. અહીં રહેતા રેખાબેન નાગર નામના મહિલાએ ગણેશ મલ્લેયા ગુડલા નામના શખ્સ સામે રૂ. ૨ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. સપ્ટેમ્બર ૨૦૨૫થી આ પ્રક્રિયા શરૂ થઈ હતી, જેમાં આરોપીએ મહિલાના ઘરે સોલાર પેનલ ફીટ કરી આપવાનો વાયદો કર્યો હતો. આજકાલ સોલાર પેનલની માગ વધતા ઠગબાજોએ હવે આ ક્ષેત્રને પણ પોતાનું નિશાન બનાવ્યું હોવાનું આ કિસ્સા પરથી સાબિત થાય છે.

રેખાબેને જ્યારે વારંવાર કામ પૂરું કરવા માટે દબાણ કર્યું, ત્યારે આરોપી ગણેશ ગુડલાએ પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું. કામ પૂરું ન થતા જ્યારે પરિવારે પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીએ ગાળાગાળી કરી અને તારું કામ નહીં થાય, જે કરવું હોય તે કરી લે કહી ધમકી આપી હતી. આખરે કંટાળીને મહિલાએ પોલીસનો આશરો લીધો હતો. આ કિસ્સો દર્શાવે છે કે ઠગબાજો હવે માત્ર પૈસા પડાવતા નથી, પરંતુ ભોગ બનનારને ડરાવી-ધમકાવીને શાંત રાખવાનો પણ પ્રયાસ કરે છે. રાજકોટમાં પણ સોલાર પેનલના નામે ગઠીયાએ અનેકને છેતરી લીધા હતાં.

છેતરપીંડીના આ બંને કિસ્સાઓમાં સુરત પોલીસે ગુના નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પીએમ આવાસ યોજનાના નામે છેતરપિંડી કરનાર મયુર પાટીલ અને સોલાર પેનલના નામે છેતરપિંડી કરનાર ગણેશ ગુડલા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસને આશંકા છે કે મયુર પાટીલે આ સિવાય પણ અન્ય અનેક લોકો સાથે આ જ મોડસ ઓપરેન્ડીથી ઠગાઈ કરી હોઈ શકે છે. પોલીસ હાલ આરોપીઓની ધરપકડ કરવા અને નાણાકીય વ્યવહારોની વિગતો મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે.

# ભાજપના આગેવાનો-કાર્યકરો પર માર્કર મુકાયા !

## આવાસ યોજના કૌભાડમાં ભાજપએ છ વર્ષ માટે પક્ષના સભ્યપદેથી સસ્પેન્ડ કરાયેલા વોર્ડ નં.પના કવાભાઈ ગોલતરનું સસ્પેન્સન અચાનક પાછું ખેંચીને સક્રિય કરાયા



**રઘુવંશી સમાજમાં ફાંટા પાડવા પ્રતાપ કોટક, કમલેશ મીરાણી, દિનેશ કારીયા અને વિક્રમ પુજારાને જવાબદારી : ભાજપના વીઝા પર આવેલા કોંગ્રેસના આગેવાનોની નિષ્ઠાવાન કાર્યકરો સાથે વ્હાલા દવલાની નીતિ મતદાન પર અસર કરશે ?**

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે આવતીકાલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીનો રોડ શો યોજાનાર છે ત્યારે શહેર ભાજપનો આંતરિક વિવાદ હજી ઉકળતા ચરૂ જેવો છે. આવતીકાલે નાયબ મુખ્યમંત્રી સમક્ષ અસંતુષ્ઠ જૂથ અને કાર્યકરો કોઇ રજૂઆત ન કરે તે માટે શહેર ભાજપના આગેવાનો દ્વારા પાણી પહેલાં પાળ બાંધવામાં આવી રહી છે. દરમિયાન કેટલીક બેઠકો પર ક્રોસ વોટિંગ થાય તેવી સંભાવના વચ્ચે શહેર ભાજપ દ્વારા પક્ષને વર્ષોથી સમર્પિત આગેવાનો અને કાર્યકરો શું કામ કરે છે તે જાણવા વિધાનસભા-૬૯ના અમુક વોર્ડમાં કાર્યકરો પર માર્કર મુકવામાં આવ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપએ આ વખતે પહેલી જ વાર વોર્ડવાલીની એક અલગ જ જવાબદારી ઉભી કરી છે અને, તેમાં અનેક દિગ્ગજ અને પીઢ આગેવાનોને જવાબદારી સોંપી છે. પીઢ આગેવાન ગોવિંદભાઇ પટેલ, નીતિનભાઇ ભારદ્વાજ, પ્રદેશ ભાજપના અગ્રણી બીનાબેન આચાર્ય, પુર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી, રાજ્યના પુર્વ કેબીનેટ મંત્રી ઉમેશ રાજ્યગુરૂને ચૂંટણીની મહત્વની જવાબદારી સોંપવાને બદલે તેઓને વોર્ડ ઇન્ચાર્જ કે વોર્ડ વાલી બનાવાયા છે. એક સમયે ભાજપના આગેવાન નીતિનભાઇ ભારદ્વાજ ચૂંટણી સંબંધિત રેલી જાહેરસભા સહિત કામગીરી અને જવાબદારી અન્ય કાર્યકરોને સોંપતા હતા તેઓને રેલીના ઇન્ચાર્જની ભૂમિકામાં હોય ભારદ્વાજના સમર્થકો પણ નારાજ થયા છે. જ્યારે અંજલીબેન રૂપાણી અને પ્રદેશ અગ્રણી પુર્વ મેયર બીનાબેન આચાર્યને વોર્ડ વાલીની જવાબદારી આપી હાંસિયામાં ધકેલી દેવાતા મહિલા મોરચો પણ નારાજ થયો છે.

જુના કાર્યકરો એવી કાનાફૂસી કરી રહ્યા છે કે, ભાજપના વીઝા પર આવેલા કોંગ્રેસના આગેવાનો ભાજપના જુના જોગીઓને નાના કરવા વોર્ડવાલીના નામે 'રમકડું' બનાવી રહ્યા છે. અને જો ભાજપને ધારણાં કરતાં ઓછી બેઠક મળે તો હારનું ઠિકરૂં આવા કાર્યકરો પર ફોડવાની ચાલ રમી રહ્યા છે. આ કારણે જુના કાર્યકરોમાં રોષ અને નારાજગી છે. જો કે વોર્ડ વાલી બનાવવામાં પણ કેટલાંક આગેવાનોની 'પછેડી દબાયેલી' હોવાના કારણે તેઓ મને કમને પણ આ વોર્ડવાલી બનવા માટે તૈયાર થઇ ગયાની ચર્ચા ભાજપના આંતરિક વર્તુળોમાં થઇ રહી છે.

### રઘુવંશી સમાજમાં 'લડાઈ' કરાવવા ચાર આગેવાનોને જવાબદારી

ટિકિટ ફાળવણી મુદ્દે અસ્મિતા આંદોલન સાથે ભાજપ સામે વિરોધનું બુંગીયો ફુંકાયા બાદ તુરંત જ રઘુવંશી સમાજમાં તડા પડ્યા હતા અને એક જૂથ વિરોધમાં હતું તો બીજું જૂથ ભાજપના પ્રચાર પ્રસાર સાથે ભજીયા પાર્ટીની મોજ માણતું હતું ! હવે જ્યારે મતદાન આડે આંગળીના વેઢે ગણાય એટલા દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રઘુવંશી સમાજ ક્રોસ વોટિંગ ન કરે તે માટે શહેર ભાજપ દ્વારા રઘુવંશી સમાજના ચાર આગેવાનોને મેદાનમાં ઉતાર્યા છે. રઘુવંશી સમાજમાં આંતરિક લડાઇ કરાવવા માટે દિનેશ કારીયા, કમલેશ મિરાણી, વિક્રમ પુજારા અને પ્રતાપભાઇ કોટકને વોર્ડ વાઇઝ જવાબદારી સોંપવામાં આવી હોવાનું પણ સુત્રો કહી રહ્યા છે.

### આવાસ ભ્રષ્ટચારના મુદ્દે ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા કવાભાઈ ગોલતરની 'ઘર વાપસી' !

અગાઉ મહાનગરપાલિકાની આવાસ યોજનામાં આવાસ ફાળવણીમા ભ્રષ્ટાચારના આરોપસર વોર્ડ નં.પના કોર્પોરેટર વજીબેન ગલોતર અને તેમના પતિ કવાભાઇ ગોલતરને ભાજપના સભ્યપદેથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. પણ હવે મહાનગર પાલિકાની ચૂંટણી સંદર્ભે વોર્ડ નં.પમાં યોજાયેલું માલધારી સંમેલન નિષ્ફળ જતાં કવાભાઇ ગોલતરનું સસ્પેન્શન પાછું ખેચીને તેઓની ઘર વાપસી કરવામાં આવી છે.

### ભાજપના કાર્યકર્તાઓ સાથે જ ભાજપના આગેવાનોનું ઓરમાયું વર્તનઃ સંકલનની બેઠક બંધ

કોંગેસની પાળી ઠેકીને ભાજપના વીઝા પર આવેલા કેટલાંક આગેવાનો દ્વારા ભાજપના સન્નિષ્ઠ કાર્યકરો સાથે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું હોવાનો સૂર પણ સાંભળવા મળી રહ્યો છે. વિધાનસભા-૬૯માં ઉમેદવારોની પસંદગીથી નારાજ થયેલા આગેવાનો અને કાર્યકરોને સમજાવવાને બદલે શહેર ભાજપના કેટલાંક આગેવાનો દ્વારા આવા કાર્યકરો સાથે ઓરમાયું વર્તન રાખવામાં આવતાં વિધાનસભા-૬૯માં સંકલનની બેઠકો બંધ કરવી પડી હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે. વર્ષો જુના કાર્યકરો કામ કરે છે કે નહીં તેનું સર્ટિફિકેટ ભાજપના આયાતી આગેવાનો આપી રહ્યા હોય કાર્યકરોમાં કચવાટ ફેલાઇ રહ્યો છે.

**અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય જેવા મોટા ગજાના મહિલા આગેવાનોને વોર્ડના વાલી બનાવી દેવાયા : નીતિન ભારદ્વાજને રેલીની જવાબદારી સોંપી દેવાઈઃ**

# ભાજપ-કોંગ્રેસ-AAP માટે રવિવારે ''એસિડટેસ્ટ''

## મતદારો કોને સ્વીકારશે અને કોને હંફાવશે? સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરેક પક્ષ માટે સેમિફાઇનલ

રાજકોટ, તા. ૨૨

દરેક ચૂંટણીમાં મતદારોનું મિજાજ ખૂબ મહત્વનો ભાગ ભજવતું હોય છે ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારોના અકળ અંડરકરંટના પગલે હાલ મતદારોનો મિજાજ શું છે તે સમજવામાં રાજકીય પક્ષો પણ નિષ્ફળ નીવડ્યા છે. હાલ જે ગતિથી પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે તેનાથી રાજકીય પક્ષો તો સંતોષ માની લીધો છે પરંતુ ક્યાંકને ક્યાંક મતદારોને મનાવવામાં હાલ અનેકવિધ તકલીફોનો સામનો પણ પક્ષોએ કરવો પડ્યો છે તો બીજી તરફ સ્ટાર પ્રચારકો હાલ રાજકોટ ન આવતા હોવાથી સ્થાનિક ભાજપ પર ચિંતા ના વાદળો ઘેરાયા છે. બેઠક વહેંચણીમાં થયેલા અન્યાય ના પગલે અનેકવિધ સમાજમાં પણ ક્યાંક ને ક્યાંક ભાજપ પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે અને કાર્યકરોમાં પણ નારાજગી પ્રવર્તી છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર પ્રચાર પ્રસારમાં જે સ્થાનિક નેતાઓ છે તેઓ પણ હાલ સહભાગી થતા નથી અને આંતરિક ડેમેજ કંટ્રોલ કરવા માટે સ્થાનિક આગેવાનો દરેકને મનામણા કરી રહ્યા છે જેથી ચૂંટણી સમયે પક્ષ માટે વધુ કોઈ સમસ્યા ઊભી ન થાય પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ છે કે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી ફાઇનલ છે અને તેનો સેમિફાઇનલ છે સ્થાનિક સ્વરાજની ચૂંટણી જેમાં ભાજપ અને કોંગ્રેસની સાતો સાત આમ આદમી પાર્ટી માટે એસિડ ટેસ્ટ સાબિત થશે.

હાલ છે સ્થિતિનું નિર્માણ થયું છે તેમાં દરેક સમાજના લોકો અને મતદારો ભાજપ હોય કે કોંગ્રેસ કે પછી આમ આદમી પાર્ટીના ઉમેદવારો તેઓને આકરા પ્રશ્નો પૂછી રહ્યા છે કારણ કે સત્તાધારી ભાજપ પાર્ટીના ચૂંટાયેલા નગર સેવકો ભૂતકાળમાં પણ કોઈ યોગ્ય કામગીરી કરી શક્યા નથી અને જે જે વિકટ સમસ્યાઓ જોવા મળી હતી તેમાં પણ તેઓ નિવારવામાં નિષ્ફળ રહ્યા છે. રાજકીય વર્તુળોના જણાવ્યા અનુસાર અણધાર્યા પરિણામ પણ ચૂંટણીમાં આવી શકે તેમ છે અને ટોચના નેતાઓ ડેમેજ કંટ્રોલ કરવામાં નિષ્ફળ નીવડ્યા છે. નગરપાલિકાની સાથોસાથ મહાનગરપાલિકા અને તાલુકા ની સાથે જિલ્લા પંચાયતની ચૂંટણી ની વાત કરવામાં આવે તો ૨૦૨૭ રાજકીય પક્ષો માટે ફાઇનલ મેચ છે. ત્યારે કયો પક્ષ ફાઇનલમાં દાવેદારી મજબૂત બનાવશે તે માટે હાલ ની સ્થાનિક સ્વરાજની ચૂંટણી સેમીફાઈનલ સાબિત થશે. ૨૦૨૧ માં ભાજપનું સ્થાનિક ચૂંટણીઓમાં સ્ટીમ રોલર ફર્યું હતું અને વિરોધ પક્ષનું નામો નિશાન પણ રહેવા દીધું ન હતું ત્યારે આ વખતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શું થશે તેના પર દરેકને મીટ મંડાયેલી છે. મહાનગરોમાં ભાજપનો યથાવત રહ્યો હતો પરંતુ જિલ્લા પંચાયતમાં ભાજપને ૪૫% અને કોંગ્રેસને ૪૯% મત મળ્યા હતા તો તાલુકા પંચાયતમાં ભાજપને ૪૪% અને કોંગ્રેસના ૪૭% મત મળ્યા હોવાનું પણ માલુમ પડ્યું.

કોંગ્રેસ અને ભાજપ પક્ષના કાર્યકરો પણ કહી રહ્યા છે કે લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. દર વખતે ભાજપ વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના નામે મત લેવા લોકો વચ્ચે પહોંચી રહ્યા છે પરંતુ આ વખતે સ્થિતિ કંઈક અલગ જ જોવા મળી રહી છે. હાલ છે પ્રચાર પ્રસાદ થઈ રહ્યો છે તેમાં અત્યાર સુધીમાં જે ગ્રાઉન્ડ રિયાલિટી સામે આવી છે તે કંઈક અલગ જ છે. હાલ રાજકીય પક્ષો દ્વારા ડિજિટલ પબ્લિસિટી અને માર્કેટિંગ કરવાનું પણ શરૂ કરી દીધું છે જેથી મતદારોને સતત હેમરીંગ કરવામાં આવે.

### મતદારોનો મિજાજ ઓળખવામાં રાજકીય પક્ષોમાં ગડમથલ

મતદારોનો મિજાજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓળખવામાં રાજકીય પક્ષોમાં ગડમથલ જોવા મળી છે . હાલ મતદારો કઈ દિશામાં વિચારી રહ્યા છે તેનો તાગ મેળવવામાં ભાજપ કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી મથામણ કરી રહી છે પરંતુ હજુ સુધી તે અંગે કોઈ સ્પષ્ટ ચિત્રો સામે આવ્યા નથી. રાજકીય વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ મતદાનને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે મતદારોનો મિજાજ ઓળખવો પણ એટલો જ જરૂરી છે. આ વખતે ક્રોસ વોટિગ થવાની શકયતાઓ જોવા મળી છે.

### સ્થાનિક સમસ્યાઓનું નિવારણ ન આવતાં ભાજપના ઉમેદવારો પર સ્થાનિકોનો રોષ

સ્થાનિક સમસ્યાઓ નિવારવામાં ગત ટર્મના ઉમેદવારો સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે અને તે બાબતે સ્થાનિક લોકોમાં પણ નારાજગી જોવા મળી છે ત્યારે પરિવર્તન કે પછી યથાવત સ્થિતિજ જાળવવામાં આવશે તે અંગે ઘણા ખરા પ્રશ્નોભા થયા. બીજો સૌથી મોટો મુદ્દો એ પણ છે કે હાલ કોંગ્રેસ પાસે પણ એવો સક્ષમ ચહેરો નથી કે જે પ્રજા પ્રશ્નોનું નિવારણ લાવી શકે તો આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલા બફાટના કારણે લોકો પણ તેના પર ભરોસો મૂકી શકતા નથી ત્યારે માત્ર અને માત્ર જો કોઈ વિકલ્પ હોય તો તે ભાજપ જ રહ્યો ત્યારે મતદાન અને ચૂંટણી પરિણામ તમામ પ્રશ્નો પર પૂર્ણવિરામ મૂકી દેશે તે હવે જોવાનું રહ્યું.

### ગરમી-વેકેશન મતદાનને પહોંચાડશે અસર

હવામાન વિભાગની આગાહી અનુસાર શનિવારથી ભારે ગરમી પડવાની શક્યતા સેવાઈ છે. તો સાથોસાથ વેકેશનના કારણે ઘણા ખરાબ મતદારો બહાર ફરવા નીકળી ગયા છે જેથી મતદાનને તેની સીધી જ અસર પહોંચશે. ઘણા ખરા વોર્ડમાં વિવિધ સમાજના લોકો ભાજપ તરફી મતદાન ન કરવાના મૂડમાં જોવા મળી રહ્યા છે ત્યારે જો તે વાત સાચી હોય તો તે મત કોંગ્રેસ કે પછી આમ આદમી પાર્ટી કોને જશે તે હવે જોવાનું રહ્યું. પરંતુ એ વાત તો સાચી છે કે ભાજપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણી સંપૂર્ણપણે એસીડીટેસ્ટ સાબિત થશે.


**અકિલા - ગણાત્રા પરિવારનાં સુરેશભાઇ, કિરીટભાઇ, અજીતભાઇ, સ્વ.રાજુભાઇના નાના બહેન તથા નિમીષભાઇનાં ફૈબા ભાવનાબેન દિપકભાઇ નાગ્રેચા શ્રીજી ચરણ પામ્યા છેઃ**



**આજે સાંજે પ્રાર્થના સભા**

સ્વ.બાબુભાઇ (ગુણવંતભાઇ) લાલજીભાઇ ગણાત્રા (જય સૌરાષ્ટ્ર પ્રેસ અકિલા દૈનિક) અને સ્વ.શાંતાબેન ગુણવંતરાય ગણાત્રાના પુત્રી અને માનસી અભિજીત પારધીના માતુશ્રી ભાવનાબેન (ધારાબેન) દિપકકુમાર નાગ્રેચા તા.21/04/2026નાં મંગળવારે શ્રીજી ચરણ પામ્યા છે. તેઓ દિપકભાઇ દુર્લભજીભાઇ નાગ્રેચા (મુળ સાવરકુંડલા, હાલઃ રાજકોટ)નાં ધર્મપત્નિ અને હર્ષદભાઇ દુર્લભજીભાઇ નાગ્રેચા (ભાવનગર) અને દિલીપભાઇ દુર્લભજીભાઇ નાગ્રેચા (દમણ)નાં નાના ભાઇનાં પત્ની તથા દિપ્તીબેન નટવરલાલ ગોંધીયા (લંડન) અને ભાવનાબેન વિપુલભાઇ ઠક્કર (ભાવનગર)નાં ભાભી તથા જલારામ જ્યોતના તંત્રી સુરેશભાઇ ગુણવંતરાય ગણાત્રા, અકિલાના મેનેજીંગ તંત્રી કિરીટભાઇ ગુણવંતરાય ગણાત્રા, અકિલાના ચીફ તંત્રી અજીતભાઇ ગુણવંતરાય ગણાત્રા તથા સ્વ.રાજુભાઇ ગુણવંતરાય ગણાત્રા તથા મીનાબેન હરીશભાઇ ચગ, ભારતીબેન લલિતભાઇ સવજાણી, સ્મિતાબેન સુનિલભાઇ રાયચુરાના બહેન તથા અકિલાના એક્ઝિક્યુટીવ એડીટર અને અકિલાની વેબ એડીશનના એડીટર નિમીષભાઇ કિરીટભાઇ ગણાત્રા અને કિરણબેનનાં ફૈબા થતા હતા. ઇશ્વર તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. ઓમ શાંતિ... શાંતિ... શાંતિ...

**આજે સાંજે 5 થી 6 પ્રાર્થનાસભા**

સ્વ.ભાવનાબેન દિપકભાઇ નાગ્રેચાની પ્રાર્થનાસભા (પિયર અને સાસરીયા પક્ષની-ભાઇઓ અને બહેનોની) આજે તા.23/04/2026નાં સાંજે 5 થી 6 વચ્ચે રાષ્ટ્રીયશાળા મધ્યસ્થ હોલ ખાતે રાખેલ છે.

**ગણાત્રા તથા નાગ્રેચા પરિવારનાં જયશ્રી કૃષ્ણ તથા જય જલારામ**